Barcode - 99999990811920
Title - Hadi Ane Hidayat.
Subject -
Author -
Language - gujarati
Pages - 71
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 081192

# [illegible] અને હિદાયત.

રચનાર

શેઠ નાનજીભાઇ [illegible]

[illegible]નિવાસી.

પ્રકાશક

મેસર્સ [illegible] એસોસીએશન,

રંગુન, બરમા.

કિંમત રૂ. ૦|૮.

5922

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૮૮૧૬ वर्गांक

पुस्तकनुं नाम રાત અને [illegible]

विषय ૫૭૨૬:૫૨

# હાદી અને હીદાયત.

લખનાર

## મી૦ નાનજીભાઈ રતનસી,

મોલમીનવાલા,

પ્રકાશક

હુસેનઅલી અબહલા.

ઑ૦ સેક્રેટરી.

યંગ મેન્સ ઈસ્માઈલીયા

એસોસીએશન.

રંગુન—બરમા.

આ બુક મેનેજર વલીભાઈ નાનજીએ

ધી ખોજા સીંધી પ્રેસ,

૧૧૩, પાલખી મહોલા,

મુંબઈ નં૦ ૯ માં છાપી.

પ્રત ૧૦૦૦] [આવ્રતી ૧ લી.

કિંમત ૦।≈.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ

# ખરી વિચાર.

## ગુજરાતી કોપીરાઈટ-સંગ્રહ

આ દુનીયામાં "છે, અને નથી." એ શબ્દોનો ઉપયોગ દરેક દેશમાં દરેક કોમમાં અને દરેક વાણીમાં સાધારણ રીતે થાય છે, એમાં કાંઈપણ વિશેશ સમજાવવાનું નથી હોતું, કારણકે મનુષ્ય જાતીનેજ ઉપરના શબ્દો પોતાનો ઉદ્દેશ સમજાવવાને કામે લાગે એવા સરળ છે પરંતુ આ સ્થળે તેમાં રહેલા ગુઢ રહષ્ય વીશે ધ્યાન ખેચવાનું છે કે **છે** એ કોઈપણ નજરે દેખાતી ચીજ માટે કહેનારની ખાત્રી બતાવે છે, તથા **નથી** તેની વીરૂધ સ્થીતી રજુ કરે છે.

આ પ્રમાણે ધર્મ શાસ્ત્રોમાં સ્વર્ગ નર્ક અથવા બીજી મનવાંચ્છીત સ્થીતી માટે વીશ્વાસ માર્ગ બધાઓ કથે છે, પણ જેને વીશ્વાસ છે તેને છે, અને નથી તેને નથી, એમ પણ છેવટ સાર ઉપર અવાય છે, પણ આવે સમયે **છે** અને **નથી** એ શબ્દો ઈશ્વર અથવા ખુદાની હસ્તી માટે માર્ગ દર્શક થઈ પડે છે, જેના દીલમાં ઈશ્વર છે તેને સર્વ છે અને જેને નથી. તે આસ્થીક નથી અને તેથી જે ઈશ્વર છે એમ માને છે તેના માટેજ બોલીશું.

ઈશ્વર—(ખુદા) નું સામ્રાજ્ય વીશ્વાસ (ઈમાન)—માં છે. ઈમાન (કે વીશ્વાસ) દીલમાંજ વસે છે એટલે દીલના મહેલમાં વીશ્વાસનાં તખ્ત ઉપર ખુદા બીરાજમાન છે એમ કહી શકાય.

દુનીયાની જ્યારથી શરૂઆત માનવામાં આવે ત્યારથી આજ સુધીનો હીસાબ કાઢવા માગનાર દરેકને પોતાની જીંદગીની શરૂઆતથી પોતાની વર્તમાન સ્થીતિ સુધીનાં કાળ સાથે સરખાવતાં આવડે તો તે બરાબર સમજી શકે છે, અને તે કરતાં વધુ કહીશું તો દુનીયામાં ખુદાને ઓળખાવવાની હીદાયત (**ઉપદેશ**) અને ઉપદેશક (હાદી) કરનાર એ હમેશાથીજ છે પરંતુ તેની પણ સરખામણી માટે દરેકને પોતાની સમજ સાથે સમજવાની છે, અને સઘળો સીધ્ધાંત—"**પીંડ સો બ્રહ્માંડ**" નાં મહા વાકયનેજ અનુસરે છે, ત્યારે તેની વધુ સ્પષ્ટતા **મન અરફ નફસહુ ફકદ અરફ રબ્બહુ** એટલે "જેણે પોતાને ઓળખ્યો તેણે ખુદાને ઓળખ્યા" એ સકળ શાસ્ત્રનાં તત્વ વચન પ્રમાણે છે, અને આ ઉપરથી **ખુદાને** ઓળખનાર મનુષ્ય પોતાનેજ ઓળખે તોજ તે ખુદાને ઓળખી શકે છે એમ હોવાથી **હાદી** અને **હીદાયત** એટલે ઉપદેશક અને ઉપદેશ તથા ઉપદેશના સાર રૂપ **બ્રહ્માંડ** રૂપી પોતાનો પીંડ (દેહ) સરજનાર ને સમજવાને દરેક મનુષ્ય પોતેજ કારણ રૂપ છે, એટલે વધુ ખુલાસો એમ કહેવાય કે મનુષ્યનું શરીર તે જગતનાં સાર રૂપ છે, મનુષ્યની સમજ તેનો હાદી કે ઉપદેશક છે, અને મનુષ્યનાં દીલમાંજ ખુદા બીરાજમાન છે અને સત્યત્વ છે તો પછી ધર્મ તથા ધર્મશાસ્ત્ર ઉપદેશ અને ઉપદેશકની શી જરૂર છે? એ પ્રશ્નનો જવાબ એકજ

છે કે ઉપર મુજબની વાતો ગુરૂ કે મુરશીદ વગર સમજાતી નથી અને તેથી એવા ગુરૂ કે મુરશીદનાં ચરણ મેળવવાથી બધુ પ્રાપ્ત થાય છે અને તેને પછી કોઈની ગરજ રહેતી નથી પણ જો એવો ગુરૂ કે મુરશીદ ન મેળવે તો ત્યાં સુધી ઉપલી વાતો દર કીનાર પરંતુ ધર્મ શાસ્ત્રની વાતો વીશ્વાસ કે ખુદા એ સત્ય હોવા છતાં સમજાતાં નથી. અને તેથી છે છતાં • થી નાં સ્વરૂપનો અનુભવ કરાવે છે, કારણ કે છે એવું સત્ય રૂપ પ્રકટતું નથી.

દાખલા તરીકે મનુષ્ય પોતાનાં મુખની આકૃતી છે. છતાં તેને જોઈ શકતો નથી જો કે તે બીજાની આકૃતી જોવે છે પણ જ્યારે ચોખ્ખા આરીસા રૂપી ગુરૂ કે મુરશીદ ભેટે છે ત્યારેજ પોતે મનુષ્યાકૃતીના પોતાનું સ્વરૂપ જોઈ શકે છે. અને ગુરૂ કે મુરશીદ એક સ્વચ્છ આઈના રૂપે હોવાથી પોતાનીજ આંખો વડે પોતાનું સ્વરૂપ જોઈ શકતી નથી તેને દેખાડે છે અને ભક્તી અને હીદાયતની વ્યાખ્યા અહીંજ પુર્ણ થાય છે.

આ મુજબ દરેક મનુષ્યને પોતાના પીંડ (દેહ) રૂપી બ્રહ્માંડનાં નીયંતા ખુદાને પોતાના દીલના સ્વરાજ્યમાં વીશ્વાસ રૂપી તખ્તપર બીરાજમાન થયેલો જોવાને એવા હાદીની જરૂર છે, કે જે હીદાયતરૂપી સ્વચ્છ

આઇના જેવા હોય આરસા માફજ મનુષ્યજાતી એકજ ગણીને જુદા પાડ્યા વગર જે હીદાયત કરે તે **હાદી** અને એવો **હાદી** જે છે તો તે કદી નથી હોતો હોતો નથી. એટલે હમેશા મઉજુદ અને જાહેર હોય છે. પણ તે શોધક વૃતી વગર જડતો નથી યાને મહાન પીર **સદરદીનનાં** અમર વચનો મુજબ—

**ખટ દરશન તો સુન પુજાવે,**
**સતપંથ ધર્મકો મર્મ ન પાવે.**

એટલે દુનીયાનો સરજનાર એકજ ખુદા છે, તે દરેક ધર્મ માર્ગમાં થઇને આવેલો છે તેથી દુનીયાના તમામ ધર્મના પ્રક્ષપાતમાં ( મંદીરોમાં ) દેવળમાં તે નથી તેથી તે સુન પુજન છે, પણ સતપંથે પ્રતક્ષ્ય પુજન કેમ છે તે જાણવામાં સતપંથી બનો સતપંથીનો અર્થ ખરો સાચો પંથી અને સત એનું પકવ અર્થ છે, એ થાય છે અને તેના સામટો ભાવ એ થાય છે કે દરેક બીજા ધર્મ મતમાં જેને માનવા મનાવવામાં આવે છે, તે દરેકમાં તે નથી દાખલા તરીકે ઇસાઇઓ ઇસાને મનાવે છે પણ ઇસા છે એમ પ્રતક્ષ્ય બતાવી શકતા નથી તેમજ મુસાઇઓ મુસાને, બુધીષ્ટો બઉધને વીશ્ણુવો વીશ્નુને રામાનદીઓ રામને મનાવે છે, પણ મુસા, બુદ્ધ, વીશ્નું કે રામને પ્રતક્ષ્ય બતાવી શકતા નથી, તેવીજ રીત મોહમેદનો મોહમેદને માને છે, પણ હ૦ મહમદને પ્રતક્ષ્ય બતાવતા

નથી વળી ઇસ્માઇલી વોહરાઓ, ઇસ્નાશરીયો અને ઇમામશાહી પણ પોતે જેને પુર્ણ માને છે તેને અથવા અલીને પ્રતક્ષ્ય બતાવી શકતા નથી જો કે તેઓ દરેકને દરેકના હયાતીનાં દીવસો બતાવવામાં આવતા હતા પણ અત્યારે દુનીયાના દરેક ધર્મવાળાઓ જેમ પોતે જે મતને માને છે તેના નેતાને પ્રતક્ષ્ય બતાવતા નથી, પણ કહે છે તે હતા અને હવે આવશે આ ભુતકાળ તથા ભવીષ્ય કાળની માનીનતાને પીર સદરદીન સાહેબે સુન પુન્ન કહી છે પરંતુ **સતપથ**માં સત નામ હોવાનું છે એટલે તે પંથનો ધણી ખુદ દરેક વખતે પ્રતક્ષ્ય છે, તેનુંજ નામ સતપંથ અને તે માત્ર તે એક આગાખાની ઇસ્માઇલી કે સતપંથ સીવાય બીજા કોઇ મતમાં નથી, અને તેથી તેને **સતપંથ** એટલે હયાત પંથ એવું અર્થસુચક નામ આપેલું છે, કારણકે પીર, મુરશદ, ઈમામ, મહમદ કે અલી એ ખુદાઈ નુરનાં પ્રતક્ષ્ય સ્વરૂપ ને સતપંથ મનાવે છે જેનો અર્થ મુસલમાની શબ્દોમાં હક રાહ એમ થાય છે, અને એ ખુદાઇ નુર દુનીયાની શરૂઆત થી આજ સુધી સતપંથમાં મઉજુદ કે જાહેર અથવા પ્રતક્ષ્ય માનવામાં આવે છે, અને તે આદમથી અલી સુધી અને અલીથી હાલના અમારા મુરશીદ નામદાર આગાખાન સુધીનો નુરી સુજરો સાબીતી છે.

"ઈ. જુ. વરતેજી."

H. H. AGAKHAN.



હાદી યુલ મ્હેંદી ઈમામે મુબીન.

# હાદી અને હીદાયત.

## પ્રકરણ ૧ લું.

### અમર ફરમાનનું મહત્વ.

અથવા

### અવતાર પાત્ર ઇમામે જમાનની શાસ્ત્ર ઉપર એકતા.

અનાદિકાળથી દુનીયામાં લોકોને હીદાયત આપવા ખુદાઇ નુર ધરાવનાર ખુદાના પ્રતીનીધી દરેક જમાનામાં હાજર રહેતા આવ્યા છે. પાક દીને ઇસલામના મહાન પેગમ્બર હ૦ રસુલલ્લાહ સ૦ અરબસ્તાનના ઇસ્લામીઓને ખુદા તરફના પેગામ પુગાડતા હતા અને તે પાક પેગમ્બર મારફતે મળતા સમાચારો ખુદા તરફના છે એની જે લોકોને ખાત્રી થઇ તે દીનદાર થયા અને આબુજેહલ તેમજ બીજા કેટલાક નાસ્તિકોએ હ૦ રસુલલ્લાહને જાદુગર કે ઠગારા તરીકે ગણી તે પેગમ્બરની અને તે જમાનાના દીનદારોની દુશમની કરવામાં

ખ્યાલ રાખી નથી અને હ૦ અલી હ૦ ઈમામહુસેન વગેરે સાહેબો સામે નહી સમજનારા ઈસલામીઓજ લડાયા હતા. તેમજ હ૦ અલી અને માવીયા વચેના જંગમાં જયારે દુશમનનું લશકર હારવાની અણી પર હતું ત્યારે ફરેબી અમરૂઆસે અજ્ઞાન મુસલમાનોને ફરેબ દેવાના ઈરાદાથી નેજા ઉપર પાક કુરાને શરીફ ચડાવી અમાન માગી.

"લડવું અને લોહીની નદીઓ ચલાવવી ઠીક નહી અને પાક કુરાને શરીફના ફરમાન અનુસાર સમજુતી પર આવવું."

એવી રીતે ઉપર ઉપરથી પ્રમાણીક અને અંદર-ખાને કપટી નેમ ધરાવનાર પ્રપંચી અમરૂઆસના ફરેબમાં લોકો ફસાઈ ગયા ને હ૦ અલીનીજ ઉમતમાંના લોકો હ૦ અલી ઉપર દબાણ કરી કહેવા લાગ્યા જે "કુરાને શરીફ સામે લડાઈ નહી થાય" તમે લડાઈ બંધ કરો નહીં તો હ૦ ઓસમાન જેવા તમારા હાલ કરશું. આવા ઝનુની અને ભોળા ઈસલામીઓ તે વખતે હ૦ મઉલા મુરતઝાઅલી મુશકીલ કુશાના મહાન રુતબાને સમજી શકીયા હોતે તો તે ઈમામના સામે કોઈ હરફ પણ કાઢતે નહી. ખરેખર આવા કટોકટીના સંજોગો ઉભા થાય છે ને એવી રીતે કોકડું ગુંચવાઈ જાય છે લોકોની અદના ઈન્સાનીયતની સમજ ત્યાં કામ કર-

વાની શકતી ધરાવતી નથી ત્યારે લોકોએ શું કરવું ? ને શું ન કરવું ? આમ કરવું ? કે તેમ કરવું ? આમ કીધાથી ધરમની પવીત્ર ફરજોની જાળવણી થશે ? કે તેમ કીધાથી ધરમનું પાલન થશે ? કઈ દીશાએ કામ કરવાથી લાભ છે ? ને કઇ દીશાએ ગેરલાભ છે ! વગેરે મોટા મહાન સવાલોનો નીરણય લાવવા માટે લોકોનો રાહબર લોકોને હકરાહ પર દોરવી જનાર ખુદાઇ માગનો ભોમીયો ગેબની હકીકતને જાણનારો જમાનાનો ઇમામ કે જેની બયત કીધા શીવાય ઇસલામીઓનો છુટકો જ નથી એવા હ૦ રસુલલાહની પવીત્ર હદીસ શરીફના ફરમાન અનુસાર એક હાદીની બયત કરી તેના ફરમા-નને પોતાની ગરદન પર ચડાવવાને હરગીજ ફરમાન વીરૂધ જવું નહીં. પાક કુરાને શરીફની અરબી અઘરી ભાષાનો ઉતાવળે ઉલટો અરથ કરનાર કે તે પવીત્ર કીતાબના હકીકતી ફરમાનો ખરા રૂપમાં નહી સમજ-નારને જમાનાના ઇમામ સીધો અને સાચો રસ્તો બતાવે છે અને જે પવીત્ર કીતાબ કુરાને શરીફ જાહેર છે તેવું કુરાને શરીફ પોતાના મુરીદોના દીલમાં ખોલી આપે છે માને ખુદા તરફ રહી ખુદાની ખુશનુદીના ખાતર દુનીયામાં નેક થવું ને નાહક એટલે જે તરફ હક નથી ત્યાંથી વેગળા થઈ હક ઇમાન કે સત્યતાને વળગી રહેવું એટલી મુખ્ય સમજ દીલમાં કોતરાઈ જાય

તો "મોમન દીલ કુરાન" યાને આવા વીચાર પર મક્કમ રહેનાર મુમનનું દીલ કુરાન થઇ જાય છે કારણ જે આપણે દરેક સારી રીતે ઇન્સાફને સમજી શકીએ છીએ અને ઘણું કરી સાધારણ કે મુખ્ય બાબતોનો ખુલાસો પણ દીલના કુરાનમાંથી મલી આવે છે "સાચા દફતર હુકયા તેરા" તો તેવા પવીત્ર રદયમાં જમાનાના ઇમામના ફરમાન અનુસાર તે ઇમામે ઝમાન તરફ અચળ ભક્તીના [illegible] તેવી પ્રેમા રહાની (નદી) નો પ્રવાહ ઇમામ રૂપી [illegible]ની માહાસાગરમાં [illegible] કે તે તરફ દોરાઇ તેમાં [illegible] થવાને લાયક થાય તે ખાસ ઉસુલ તરીકે હકીકતી સત્ય મકસુદથી આપણ દીનદારોએ બેખબર રહેવુ જોઇએ નહી. કારણ જે લોકો ઇન્શાન છે, ઇન્સાન ઇન્સાનીયત સુધીની અકલ ચલાવશે તેથી વધુ જાણવા માટે ઇન્સાનને કામીલ મુરશીદની જરૂર છે. મુરશીદની ગેરહાજરીમાં મગજ કાપનાર વટેમારગુ અરણ્યમાં અથડાઇ પડે, માટે તમામ ઇલમ શાસ્ત્ર ઉપર ઇમામે ઝમાનની સત્તા છે. અર્થાત તમામ ઇલમ શાસ્ત્ર ઇમામે ઝમાન સમજાવે તે મુજબ સમજવાનું છે. તેવા ઇમામની ગેરહાજરીમાં પોતાની મેળે સમજી લેવાની હીમત કરવી તે પણ એક જાતની ખોટી મગરૂરી છે. જ્યારે ધારમીક વીદ્રતા માટે મગરૂર થનારનું

ઇમાન ભયમાં આવી પડે છે, પોતે કંઇ ચીજ નથી, જે છે તે ખુદા છે, એવી ફના થવામાંજ આશકોની મગરૂરી છે અને માશુક ખુદાવંદ આલમીનનું નુર ધરાવ- નાર જમાનાના ઇમામના દરવાજા પર પોતાને (નીસાર) કુરબાન સમજે તોજ રસ્તો આશાન થાય તથી વીરૂદ્ધ તેવા ઇમામ સામે પોતાની અક્કલ ચલાવે ઇમામના ફરમાન પર શંકા લાવે તો પોતાની મકસુદને કયાંથી [illegible] આત્મપૂર્વક ફના થાવવી જે તમામ ઇલમ શાસ્ત્રના ભંડારની ગુંજ્ય ચાવી [illegible] જમાનના મુખ મુબારકના ફરમાનમાં છે. જમાનામાં નવે નવે વખતે નવી નવી મુશકેલીઓ ઉભી થાય કે તે વખતે કેમ કરવું ? અમુક અડચણ સામે કઇ રીતે કામ લેવું ? વીગેરે નવી નવી હકીકતો કંઇ શાસ્ત્ર પુરી પાડતું નથી જેમકે પ્રતાપી મરહુમ મહારાણી વીકટોરીયાના વખતના કાયદા ઘણા સારા હતા અને રાજ્ય અમલ તે નામવર રાણી સરકારના જમાનામાં ઘણો સરસ રીતે ચલાવવામાં આવ્યો હતો છતાં પણ તે વખતના ઉતમ અને પ્રશં- સાને પાત્ર કાયદા કાનુનોમાં પણ આજે ફેરફાર કરવા સીવાય ચાલતું નથી કેટલાક મહારાણીના વખતના કાયદા આજે કામ આવતા નથી. હાલની લડાઇ ચાલુ થયા પછી ફરજીયાત નોકરી તેમજ વોર લોનમાં નાણા ભરવા વીગેરે વીગેરે નવી નવી મુશકેલી માટે નવા નવા કાયદા

લડાઇ તઈયાર થયા છે ને નવી મુશ્કેલી સામે નવી
રીતે કામ લેવામાં આવે છે, આપણી સરકાર લડવાને
બીલકુલ ઇચ્છતી નથી લોહીની નદીઓ વહેવડાવવાનું
માયાળુ સરકાર કદી પસંદ કરે નહી પણ જગતને ભયમાં
સપડાતું જોઇ લડાઇમાં ઉતરવું વાજબી ગણીયું તેમજ
કાયદાના પુસ્તકોમાં જમાનાને અનુસરતો ફેરફાર કીધા
સીવાય ચાલતું નથી લડીને કે લોહીની નદીઓ ચલા-
વીને પણ સત્યતાનું પાલન થાય છે, કઉરવ પાંડવ યુદ્ધ
કે હ૦ અલીના જમાનાની દીનની લડાઇઓ પણ હક
તરફી દીનદારો તરફથી લડવાની પવીત્ર તેમ રાહેરાસ્ત
પરની હતી લડાઇમાં મરનાર સહીદીના દરજે પુગતા
આવ્યા છે ને પ્રપંચ અને ખોટી રીતે લડનારા જહનમના
અધીકારી થાય છે, માટે હક કે સત્યતા માટે લડનાર
દરજે પુગીયા છે તો આવી રીતે જમાનામાં નવે વખતે
નવી રીતે કામ લેવા માટે કેમ કરવું તે બતાવનાર
**હરગીજ જમાનાના ઇમામ સીવાય જમીન
ખાલી નથી,** તેવા ઇમામની બઇયત કીધા વગર
મરવું તે પણ જાહેલના મોતે મરવું થાય છે એ હ૦
રસુલ્લાહની હદીશની મહાન શીખામણ આપણ દીનદારો
માટે અતી અગત્યની છે, તેમજ ઇલ્લગ શાસ્ત્ર પણ
ઇમામ રાજાના ઘરના કે પાક અહેલેબેતના ઘર તરફથી
છપાઇ બહાર પડેલ કાયદા છે ને તે મુજબ પાક કુરાને

શરીફ પણ ઇસલામી ભાઇઓ માટે આબેહયાત છે. પણ શરીયત ઉપરની હદમાં રહીને ઇસલામના ખાસ ઉસુલ તરફ જોઇએ છીએ તો સાફ જણાય છે જે "પાક કુરાને શરીફ" કે પીરના ફરમાવેલા પવીત્ર ગ્યાન શરીફ કે ગયા જમાનાના ઇમામોના ફરમાનો વગેરે બાબતોનો હાદી ઉલ મેંહેદી હાજર ઇમામના છેવટના યાને ચાલુ વર્તમાન વખતમાં જે ફરમાન થાય તે મુજબ અમલ કીધાથીજ ઇલમ શાસ્ત્રનો સદુપયોગ કીધો કે ખરી સમજણ લીધી ગણાય કારણ જે "અવતાર પાત્ર" અંશાવતાર કે ઇમામે મુબીન અથવા હાજર ઇમામના વચન મુજબ કે ફરમાન મુજબ ચાલવું એ સઘળા ધરમ શાસ્ત્રોનો છેલો નીરણય છે. અને એ કોઇપણ ધરમ જોતાં એજ છેવટનો નીરણય મલે છે કે આ શાસ્ત્ર કે આ કીતાબ જમાનાના ઇમામ કે ચાલુ વખતના અંસાવતારના ફરમાન મુજબ વાંચી અમલ કરવો, જેમ અરજુનને શ્રી કૃષ્ણે કહ્યું જે "સંસારમાં ઘણા ધરમો છે ઘણા ધરમ શાસ્ત્રો છે તેમાંથી તને જે રૂચે તેને ગ્રહણ કર અગર કાંઇ ન રૂચે તો હે અરજુન મારી પાસે આવ" તેમજ હ૦ અલીએ પણ ફરમાવ્યું જે "એ મુંગું કુરાન છે ને હું બોલતું કુરાન છું" એ મુજબ અમર ફરમાન જમાનાના અનુસ-રતી રીતીએ ઇમામે મેંહેદી જે ફરમાવે તેમાં મોટા

ભેદ સમાએલો હોય છે યાને તે ફરમાન ગેબની હકી-
કતો અને બનનાર બનાવોને સમજી શકનાર કુદરતની
ગહન ગતીને જાણનાર ખુદાનું નુર ધરાવનાર ઇમામનું
હોય છે જે સામે ચાં કે ચું કરવી કે તેના થએલ
ફરમાન ઉપર શંકા લાવવી એ ઇસલામી ઇમાનદારીને
છાજતું નથી, વળી ઇમામ વગર કે રાહબર વગર પણ
આપણે પોતાની અદના સમજ શકતીથી મરજી મુજબ
ઇલમ શાસ્ત્ર સમજી શકનાર નથી. તેવા રાહબરની મદદ
વગર આપણે એકનું બીજુંજ સમજી બેસીએ તેમાં શું
નવાઇ? કારણ કે માણસ જાત અપુરણ અપુરણ ને
અપુરણજ છે ને તે સંપુરણ એહુલેબેત ઇમામે જમાના
હાદીઉલ મહેદીના પવીત્ર સાયામાં રહી પોતાની અસલી-
યાતને યાને રૂહને ઓળખી શકશે અને ખરી હકીકત
સમજી રૂહને પાક કરી ઇમામે ઝમાનમાં યાને નુરાની
દરીયામાં વાસલ હકક થાય ત્યારેજ મકસુદને પુગાય છે.
આપણે મુરશીદ રાહનુમાની મદદ વગર ઇલમ શાસ્ત્રના
અભ્યાસથી પાર ઉતરી જવાનું ધારતા હોઇએ તો તે
દીન ઇસનાશરીના ફરમાનોથી ઉલટી રીતીએ કહી પાર
ઉતરી શકાવાનું નથી. ભલે આપણે ગમે તેટલું ઇલમ
સંપાદન કરીએ પણ કંઇ કામ આવે નહી, આપણે
ડાહ્યા થઇ જશું, સારી સારી વાતો કરશું, સારા અને
ઉતમ વીચારો ધરાવશું પણ પાછી કોઇ દુન્યવી લાલચ

કે હવા હીરસના પવનનો સપાટો આવે કે તુરત આપ-
ણી સ્થીતી બદલાઇ જશે કોન વધુ જ્ઞાની હશે તેને
હવા હીરસનો ઓછો આંચકો લાગશે પણ દુન્યામાં
વસનાર મરત્યુ લોકનો માનવી ફીરસ્તો તો નથીજ
જેમકે વાંદરો તે વાંદરોજ છે, વાંદરાના બધા અવયવો
માણુસ જેવા છે છતાં તે માણુસ તો નથીજ, આપણે વાંદ-
રાને બે પગે ઉભો રાખી હાથમાં લાકડી આપી બીજા હાથ
માં બતી આપી માથામાં ટોપી પહેરાવી માણુસની માફક
ચલાવીએ પણ જો તે વખતે ફળ ફળાદી કે કંઇ ખાવાની
વસ્તુ ફેંકવામાં આવે તો વાંદરો બતી લાકડી વગેરે પડતું
મુકી ફરજ ભુલી જશે ને પેટની પુજા કરવા નાચી
કુદી ખાવાનું મેળવશે તેમજ આપણે માણુસ પણ
ઇલમ શાસ્ત્રની વાએજ નસીહત સાંભળી ઘડીભરના
માટે દેવ જેવી સ્થીતીએ પુગીએ છીએ ને
પાછી હવા હીરસના સપાટામાં આપણી સ્થીતી
બદલાઇ જાય છે, માણુસ જાત પણ સ્વારથના ખાતર
ફરજ ભુલી જાય છે. અરથાત સચાઇ, સબુરી અને
ક્ષમાનો ત્યાગ કરીએ તે જેમ વાંદરો લાકડી બતીનો
ત્યાગ કરી ફરજ ભુલી ખાવા સારૂ દોડે તેમ માણુસ
માણસાઇ ઉતમ ખાસીયતો ભુલી જઇ સ્વાર્થના ખાતર
કે વેંતીયા પેટના ખાતર કદાચ, નહી કરવાના
કામો પણ કરે જાય છે તે ખુદા માફ કરે.

તેમજ ઈન્શાન જાત પણ પોતાની ભલી બુરી કોઇ નેમ પાર પાડવા સારૂં ઓછી કોશીષ કરે તેવાનો નથીજ. ત્યારે તેવી જંગલી સ્થિતીમાંથી મુકત કરી ઉન્નત સ્થિતી યાને ફીરસ્તા જેવી સ્થિતીમાં આપણને કોણ પુગ કે? તેનો વીચાર કીધાથી જણાય છે જે આખી દુન્યા ઇન્સાન છે જાહેરમાં વાંદરાની માફક ફરજ બજાવનારને સ્વારથના ખાતર ફરજ ભુલી જનાર ઇનશાનમાં થોડી ઘણી હેવાનીયત યાને પશુપણુ તો સરવેમાં હોય છેજ. ગમે તેવો પાક પરહેજગાર છતાં તે પણ ઇન્સાન અપુરણ તો છેજ. જેથી અપુરણ ઇન્શાનોથી ભરેલા જગતમાં જુદા પોતાનું નુર ધરાવનાર સરવ સમ્પુરણ પાત્રને દુનીયામાં કાયમ અને દાયમ રાખે છે ને જુગે જુગ તેવા પવીત્ર સમ પુરણ પાત્રના અવતાર ચરીત્રની અલોકીક લીલા ધારમીક પુસ્તકોમાં લખાય છે. ઇતીહાસોમાં વંચાય છે. જુદી જુદી રીતે જુદે જુદે વખતે જુદા જુદા ઠેકાણે તેવા સર્વ સમપુર્ણ પાત્ર હાજરી આપતા આવે છે અને અધીકારી જનોને મોક્ષનું દ્વાર અવતાર પાત્રના દરશન થાય છે. હ૦ અલી રસુલલાહે ફરમાવ્યું, "હું ઇલમનું શહેર છુ અને હ૦ અલી ઇલમના શહેરનો દરવાજો છે." આ હદીશ શરીફનું ફરમાન સરવે ઇસલામી ભાઇઓ માન્ય રાખે છે તો

તેથી પણ ઈમામ જ્ઞાન પર પાક પંજતન કે અહેલેબેત ઈમામે જમાન આલે નબી અને ઓલાદે અલીની સતા સાબુત થાય છે માટે આપણે હકીકતી મકસુદને સમજી ઈમામે ઝમાનના ફરમાનમાં દ્દઢ રહેવું જોઈએ.

હ૦ અલીથી પાક કુરાને શરીફનું વજન વધુ સમજનાર બેસમજ ઉમ્મતે હ૦ અલીનું ફરમાન નહી માન્યું તેના લીધે કેટલી બધી મુસીબત વેઠવી પડી ને તે વખતથીજ ઇસલામી બળ પાયામાંથી લુલું થઇ ગયું છે ને ઈસલામ કોગ: ફીરકામાંવહેંચાઇ ગઇ છે. હ૦ અલીનું નુર ધરાવનાર હરેક વખતે હાજર રહેનાર—

"હરગીજ જમાનાના ઇમામ સીવાય જમી ન ખાલી રહેવાની નથી."

એ હદીસ શરીફના મહાન વાકયો અને—

"હરેક ચીજનો હેવાલ જાહેર ઇમામ પાસે છે."

એ કુરાને શરીફનુંજ ફરમાન છે.

"હું મારો વારસ દુનીયામાં કાયમ રાખું છું."

વગેરે હદીસ અને કુરાનના ફરમાન મુજબ આપણે દીનદારોએ ઇમામે ઝમાનની બઇયત કીધી છે, હવે તે ઇમામના ફરમાન મુજબ ચાલવામાંજ આપણી બહેતરી છે. આવી રીતે સ્પષ્ટ ચોખવટથી કુરાન અને હદીસથી

સાબીતબતા આલેનબી અને અબ્દુલાહ અલીથા સીધો હક ધરાવનાર ઇમામે જમાનના આપણે ખોજા મુરીદો છીયે એટલુંજ નહી પણ આ સાચા હકદાર અને હઇ-યાત અને કાયમ ઇમામને મુકાબલો કરી શકનાર બીજા કોઇ દાવેદારની હસ્તીજ નથી. સીલસીલે ઈમામત મોજીઝા જેવી ઝળકતી ઇતીહાસીક બાબત સામે જોતાં પણ આવી રીતની વંશપરંપરા કોઇની ખાનદાની નભી આવી હોય એવો એક પણ દાખલો મળે તેમ નથી. આથી વધુ મોજીઝો શું જોઇએ? આપણા દીન ભાઇ ઓમાં હીંદુસ્તાનના ઇસમાઇલીઓ માતરૂ ભાષાનાં પીરના જ્ઞાનોથી જમાનાના ઈમામને જાનમાલનો ધણી સમજે છે તેમજ તે મુલકના દીનભાઈઓ જેવા કે, બદક-શાની, ખાલુ, મોલાઇ, વગેરે દીનભાઇઓ અત્રેના આપણા માતૃ ભાષાના જ્ઞાનો વીશે કંઇ સમજી શકતા નથી. તેમજ આપણો પણ ઘણા ભાગે કરીને કુરાન કે હદીસ શરીફ માટે નહી જેવું માન ધરાવીએ છીએ.

આવી રીતે જુદી જુદી ભાષામાં પાક દીન ઇસ-લામના હકીકતી ફરમાનો, માનવામાં ને ઇમામે ઝમા-નની પનાહમાં રહેવામાં એક બીજાની બોલી નહીં સમ-જનારા દુર દરાજ મુલકના દીનભાઈઓ ઇમામે ઝમા-નના દીદાર કરવા મુંબઇ જેવા શહેરમાં ભેગા થાય છે.

ત્યારે આપણને અલોકીક આનંદ ઉપજે છે. આપણે તે દીનભાઇઓ સાથે કંઇ વાતચીત ન કરી શકીએ તોપણ આપણો સરવેનો તે રૂહાની પીતા ઇમામતનો ધણી એકજ છે. આપણી અને તેઓની પવીત્ર ધારમીક ફરજો તે ઇમામના મુખ મુબારકના ફરમાનો માનવામાં પુરી થાય છે. ફરમાન સામે સંકા લાવનાર કે ફરમાન નહીં માનનાર ગોથે ચડી જાય છે અને હ૦ રસુલ્લલાહ તેમજ હ૦ અલીના જમાનામાં પણ બેફરમાની કરનારની અવદશા થયાના દાખલા જોઇએ છીએ. માટે પાક દીને ઇસલામના પવીત્ર ઉસુલ તરીકે ઇમામે ઝમાનની બયત કરી તેને તાબે રહી તેની ફરમાં બરદારી મુજબ વરતવું એ આપણુ દીનદારોનો મુદરા લેખ કોઇ પણ દીનભાઇના ખ્યાલ બહાર રહેવો જોઇએ નહીં.

ઉપર કહ્યું તેમ દુર દુર મુલકના જુદી જુદી ભાષાથી અને જુદા જુદા ભણતરથી ઇલમ શાસ્ત્ર જાણનાર આપણા દીન બંધુઓજ આપણા ઇમામના કદમમાં આપણી માફક તે ઇમામનો પવીત્ર મહાન રૂતબો પાક કુરાને શરીફ અને હદીસ શરીફના આધારે સમજે છે. આપણી અને તેઓની નસોમાં એકજ ઇસમાઇલી લોહી ભરેલું છે. તેઓ અને આપણે ખરા સતપંથ ધરમ પર હોવા માટે તેમજ જમાનાના ઇમામના મુરીદ હોવા માટે હક રાહના અધી-

કારી સતપંથી રૂહાનીઓ પોતાના રૂહાની પીતા ઇમામે જમાનના રૂહાની ફરજંદો છીએ છતાં પણ ઘણીજ દીલગીરીની વાત એ છે કે આવો ઊનમ ધરમ તજી અશ્નાઅશરી થઇ જનારા આપણાથી જુદા પડયા છે તેઓએ પોતાના બાપની તીજોરીની અખુટ દોલત જોઇ નથી. તેઓના ઇસ્માઇલી વડવાઓ તરફથી વારસામાં મળેલો ઇસમાઇલી ધરમ કેટલી ખુબીવાલો છે તે ખજાનો જોયા વગર બાપદાદા તરફથી અખુટ મળેલો ખજાનો કે સતપંથનો વારસો પડતો મુકી લીલા ઝભા પહેરનારા મતલબી મુલ્લાંઓના શીકાર થઇ પડયા છે. ખરેખર તેઓ માટે આપણે નારાજ હોઇએ એ સ્વભાવીક છે પણ તેઓ ઉપર નારાજ થવા સીવાય તેઓના દાદા પરદાદા આપણા મરહુમ દીનભાઇઓ થઇ ગયા છે તે મરહુમોની ઇસમાઇલી રૂહાનીને ખાતર તેઓને આપણે એક ખરો પ્રશ્ન પુછવો જોઇએ જે "ઇમામ ગેબ"ની સનદ તેઓ કઇ હદીશને આધારે કે કુરાન શરીફના આધારે લાવે છે. જયારે અત્રે ફરમાન કરનાર ઇમામ ગેબ હોય પછી તેઓ વગર ઇમામે ને વગર મુરશીદે પોતાની મેળે કુરાન કે ઇલમ કેવી રીતે સમજી શકે છે? વળી પણ આપણા ઇસ્માઇલી બીજા ફીરકાવાલા ભાઇઓના અકીદા ઉપર વીચાર કરીએ છીએ તો દરેક ફીરકાવાળા ઇસ્લામી ભાઇઓ હદીસ અને કુરા-

નના ફરમાનો ઉપર ચાલનારા છે પણ ઇશનાંશરીઓ તો કુરાન કે હદીસના ફરમાનોથી પોતાની મઝહબી સચાઇ સાબીત કરતા નથી પણ છેલા તેઓના બારમાં ઇમામ કે જે બારમાને તેઓ ઇમામ તરીકે લખે છે ને તે દીનની લડાઇમાંથી ગેબ થઇ ગયા તેના તે ઇમામે ઇમામતનો બોજો ભારે લાગવાથી ગેબ થઇ ગયાનું ઇશનાસરીભાઇઓ કહે છે તો તેઓના બારમા ઇમામનું ગેબ થઇ જવું માન્ય રાખી ગેબ ઇમામને નામે મુસલ-માનીનો દાવો ધરાવે છે તો તે ગેબ થનાર ઇમામ માટે હદીશ કે કુરાનથી કંઇપણ સનદ મલતી નથી, જેમકે હદીશ અને કુરાનથી સાબીત થાય છે અને ભવિષ્યમાં શું થનાર છે તેની ભવિષ્ય વાણી હ૦ રસુલ્લાહે ફરમાવી છે, તે મુજબ જમાનાના ઇમામની મુરીદમાં તેની બઇયત કરી તેની ઉમત થઇ રહેવા તેના ફરમાન મુજબ વરતવાની તાકીદ થઇ ને તે **હાદી યાને જમાનાના ઈમામ સીવાય હરગીજ જમીન ખાલી રહેવાની નથી.** એવી દલીલોને પકાવટ સાથેના પાકા પુરાવા ઇસમાઇલી ધર્મ દરેક ભવિષ્યવાણીની સાબીતી આપે છે જમાનાનો ઇમામ સુર્યની માફક રઉશન રહી દુન્યામાં હાજર રહયાં છે ને પંજેતનની ખાનદાનીનો દાવો વંશપરંપરા ધરાવા હ૦ રસુલ્લાહની ભવિષ્યવાણી મુજબ “ નબીની ”

આલમમાંથી ઉતરી આવેલ પુરૂષ ઇમામતનો ધણી હ૦ રસુલ્લાહની ભવિષ્યવાણીઓની પુરેપુરી સાબીતી આપી છાતી ઠોકી જગ જાહેર ઇમામતનો દાવો રજુ કરે છે ત્યારે અશનાઅશરીઓ દરેક ભવિષ્યવાણીથી વીરૂદ્ધ ઇમામતનું ગેબ થવું જણાવી ગેબ થએલ તેઓના ઇમામની ઇમામત ગેબ થાવા વિશેની બલામણો રજુ કરે છે તે હ૦ રસુલ્લાહની ભવિષ્યવાણીને ખોટી ઠેરાવવા જેવુંજ છે, ઇસલામનો કોઇપણ ફીરકો હ૦ રસુલ્લાહની હદીશ ઉપર આધાર રાખે છે જ્યારે ઇશનાઅશરીઓની ઇમામ ગેબ થવા વીશેની દલીલ હ૦ રસુલ્લાહની હદીશ સાથે કંઇ સંબંધ ધરાવતી નથી અને હદીશના કે કુરાને શરીફના ફરમાનો વીરૂદ્ધની ઇમામ ગેબ થવા વીશેની તેઓની માન્યતાએ આપણા કેટલાક દીન ભાઇઓએ ખરી માની ઇમામનનું છત્ર તજી જઇ ગેબ ઇમામ વીશેની નહી માનવા જોગ વાતને ખરી માને છે તો માનવું ન માનવું એ સઉની મુનશફી ઉપર રહ્યું છે પણ ધારમીક છુટાપણું ધરાવનારા બ્રીટીશ શહેનશાહની પ્રજામાં ગણાતા આપણા મરહુમ દીનભાઇઓના જાહેર થયેલા ઇશનાઅશરી ફરજંદોને આપણા મરહુમ દીનભાઇઓના ખાતર કે તેઓના વડવાના ખાતર લાગણી પુરવક ખાલેશ મનથી એટલે કહ્યા સીવાય રહી શકતા નથી જે ગેબ ઇમા-

મની એબી પ્રમામત કઇ હદીશના આધારે છે અને હાજર ઇમામની હાજર હીદાયત કઇ હદીશથી વીરૂદ્ધ છે? એટલીજ હકીકત ઉપર પુખ્ત વીચાર કરે અને સત્ય કયાં છે? તે તેઓના ઇસમાઇલી વડવાઓના ખાતર શોધે અને હીદાયતનાં અધીકારી બની તેઓના મરહુમ વડીલોની ઇસમાઇલી રૂહાનીનો આશીરવાદ મેળવે.

ઇમામની ઓળખાણ કે શનાખત મેળવવી એ સહેલ વાત નથી. પીરે ફરમાવ્યું છે જે—

**સામીજી જેં કે જણાએ સો જાણે.**

યાને જેને તે મઉલા પોતાની ઓળખાણ આપવાને લાયક જુવે છે તેનેજ પોતાની પાક ઇમામતનું નુર ઝહુર દેખાડે છે. અગાઉના જમાનામાં પણ હ૦ અલી, હ૦ ઇમામ હુસેન વગેરે ઈમામોના વારામાં પણ નહી ઓળખનારા તેમજ સામે દુશમની કરનારા કુફારોનો ટોટો નહી હતો. હરેક જમાનામાં ઈમામતના સુર્ય સામે ધુળ ઉડાડનારા ધુળ ઉડાડે છે ને ધુળ પાછી તેઓનાજ મોઢા ઉપર પડતી આવી છે ને આજ દીન સુધી સીલસીલે ઇમામતનો સુર્ય રઉશન રહયો છે અને સુબ્હાનઅલ્લાહ અવ્વલ અલી સો આખર અલીની અખંડ જ્યોત ધરાવનાર ઇમામે ઝમાન આપણા દીનદારોનો સરદાર આપણને દીન અને

દુન્યાના દરેક કામમાં અલોકીક મદદ આપી રહયો છે તેનો મોજીઝો જોવો હોય તો **શાહ હસનઅલીના** હીંદુસ્તાનમાં કદમ મુબારક થયા તે દીવસના ખોજા કોમની સ્થિતી અને આજની ખોજા કોમની સ્થિતીની સરખામણી કરતાં જણાઇ આવે જે ડુંગળીના વેચનારા આપણા ભાઇઓ આજે ઓપીસરો અને મીલ માલેકો થયા છે ને હકીકતી દીનદારના ઘરમાં રોશની માલમ પડે છે અને ગરીબમાં ગરીબ દીનભાઇની સ્થિતી જોશું તો તેપણ સંતોષના લીધે લખાપતી જેટલો સુખી જણાશે. અધુરા ઇમાનીને તેવું સુખ હાંસલ ન થઇ શકે તે કીસમતનો વાંક છે કારણ જે—

વણ વીશવાસે કરે ભરથાર,
નહીં સુહાગી નહીં રાંડી નાર.

માટે વીશવાસ વગર કે ઓછા વીશવાસની ઇમાનદારીમાં જોઇએ તેવો સવાદ આવતો નથી. વળી પણ સનાખત મળવી સહેલ નથી. આપણે જે દશોંદ માલે વાજબાત આપીએ છીએ તે ગેબનો માલ છે ને તે રૂહાની પીતા હાજર ઇમામની હજુરમાં અરપણ થાય છે. ઈમામ જાનમાલનો ધણી છે તેને દશોંદ કે મેમાની અરપણ કરતાં વહેમ કે વસવસો લાવનારને ઇમામના નુર ઝહુરની સનાખત મળવી દુશોલ છે.

દુનીયામાં તેનો બદલો મળે એવી સ્વાર્થી મતલબ ધરાવ્યા સિવાય નીખાલસ ઇરાદાથી પોતા ઉપરનું કરજ સમજી દર્શોદ દેનાર હકીકતી દીનદાર દુન્યામાં પણ આબાદ યાને ખુશ હોય છે. વળી પણ તેવી નીખાલેશ વૃતીથી દીધેલી દર્શોદ કે કીધેલી સેવાના બદલામાં હકીકતી દીનદાર દીન પર દીન વધુ ને વધુ આબાદ થાય છે ને તેવા મોજીઝા આપણે જંગબાર, મુંબઇ, રંગુન, કરાંચી વગેરે મુલકોમાં નજરે જોઇએ છીએ પણ ખુદા જેને હીદાયત આપવા નથી ચાહતો તેને તે સત્યતા દ્રષ્ટીએ ચડતી નથી.

દુનીયામાં ઘણા ધર્મો છે, ઘણા ધર્મ શાસ્ત્રો છે સરવે ધર્મમાં અને સરવે શાસ્ત્રોમાં એકજ વસ્તુ ખાસ નેમ રૂપે લખાઈ છે કે "ખુદાનો પ્રતીનીધી દુન્યામાં મનુષ્ય દેહીમાં રહે છે અને તેના આપ્ત વચન પ્રમાણ યાને જેના વચન કે બોલ ઉપર વીશવાસ આવે તેવા વીશ્વાસપાત્ર અંશાવતારની સલાહ વગર એકલા ધર્મ શાસ્ત્રોમાંથી મરજી મુજબ સમજી લેવું, કે માણસ માણસને સમજાવી શકે તેમ નથી તે માટે કુરાન કે ગીતા કે વેદ પણ ખાત્રી આપે છે કે જરૂર જેનો વારો હોય તેને આશરે રહેવાથીજ તેવો વીશ્વવાસપાત્ર પુરૂષ" એક નુકતા મારફત કેરા મુરશીદ કામીલ બતલાવે યાને એક નુકતાની અંદર તમામ

શાસ્ત્રોના ભેદ બતાવનાર વારાફેરા પુરૂષ ઇમામ મેહેંદી છે ને તેવા ઇમામના સાયામાં રહીયા વગર એકલા શાસ્ત્રોની પોપટની માફક પડેલી પંડીતાઇ પંડીતને પણ મગરૂર બનાવસે જે હું બહુ ભણ્યો છું ! ઘણું શીખ્યો છું એમ અહંકાર કરશે વગર ભણતરે પુસ્તકો કે કીતાબોના પાના ફેરવીયા સીવાય હ૦ રસુલલાહે ઇસલામી ભાઇઓને જે હીદાયત ભણાવી છે તે દુન્યા બહાને નહી ભણેલા નબીની વીશાળ હીદાયત રૂપી દીને ઇસલામના સુર્યની રોશની લગભગ આખી દુનીયામાં પથરાઇ છે.

ઇલમ શાસ્ત્રોનું તમામ ભણતર અહેલેબેત પંજતનથી સીધો હક ધરાવનાર ઇમામતના ધણી એકજ નુકતામાં તમામ મારફત બતાવવાની શકતી ધરાવે છે. વધુ ભણતર અને મોટા મહાન પુસ્તકો ભણવાની તકલીફ લીધા શીવાય સઉ સઉની જબાનમાં સેહેલાઇથી ખાસ ઉસુલ કે મકસુદને સમજી શકે તેવો સહેલો ઉપાય બતાવનાર હાજર ઇમામ આપણામાં બાઇઓ બચ્ચાંઓ કે વગર કેળવાએલા ભોળા લોકોને ભણવાની તકલીફ દીધા શીવાય લાંબા ચકરાવાથી બચાવી સહેલાઇથી સીધે મારગે દોરી જાય છે. આંધળાના લાકડી અને વહાણના નાખુદા જેવા આપણા રાહનુમા મુરશીદ

યાને આજના જમાનાના અલીના નામે આપણી હરખબા નાબુદ થાય છે તે મઉલાના

**નામે પરાચત છુટીએ, નામે જાયે રોગ,**
**નામ સમોવણ કોઈ નહીં તપ તીરથ વૃત જોગ.**
**નામ લીયા ઉને સબ કુછ લીયા સકળ શાસ્રકો ભેદ,**
**નામ વીના નર નરગે ગયા એમ ભણીયા ચારે વેદ.**

બાળગંગાધર તીલકે ગીતા ઉપર અવલોકન કીધું છે અને ગીતાના પાઠોને લંબાણથી વરણવ્યા છે ને નાનકડી ગીતાને ૮૦૦) પાનામાં વીસ્તારીને લખેલ છે તેમાં તે લખે છે જે—

"ગીતાનું બ્રહ્મજ્ઞાન ઉપરથી સુલભ જણાય છે પણ તેનો ખરો મર્મ અત્યંત ગુઢ હોવાથી તે ગુર મુખ શીવાય બરાબર સમજી શકાય તેમ છેજ નહી."

યાને ગીતા વાંચીને તેનો ખુલાસો ગુરમુખ યાને હાજર ફરમાન વગર યાને આપ્ત વચન પ્રમાણ પુરૂષ વગર માણુસ–માણુસને સમજાવી શકે તેમ ન હોય તેવા પુસ્તક ઉપર વારા ફેરા પુરૂષની સતા છે વળી મી૦ બાળગંગાધર તીલક તેવા પુરૂષની દુનીયામાં હાજરી છે તેને ઓળખીને તેના શરણે જવા માટે લખે છે જે—

( તીલકના ગીતા રહસ્યમાંથી ઉતારો. )

" શ્રી કૃષ્ણ કીંવા સાધુ પુરૂષની વ્યકત મુર્તિ-આણો દેવાલય કે મુરતી વીનાના મંદીર અથવા મસ્જીદ હ્યો ( પણ ) એ સરવે નાના બાળકની હીડણ ગાડીની પેઠે મન સ્થીર કરવાનું એટલે ચીતની પ્રવરૂતી પરમેશ્વર તરફ વાળવાનું સાધન છે પોતે પોતાની હોંસ પ્રમાણે સાદી અથવા રંગીત કે ચંદનની બનાવેલી અથવા નગારૂં કે ઘુંઘરીઓ બાંધેલી ઠેલણ ગાડીની પેઠે અંગીકાર પ્રમાણે ઉપાસનાને માટે લીધેલાં આ પ્રતીકો ગમે તેટલા વહાલા હોય પણ ખરા પરમેશ્વર આ પ્રતીકમાં નથી.... નિરાકાર બ્રહ્મ સ્વરૂપ સગુણ છે પણ તે કેવળ બુદ્ધી ગમ્ય અને અવ્યકત છે એટલે ઇંદ્રિયને અપ્રત્યક્ષ હોવાથી ઉપાસનાને માટે કલેસમય છે તે માટે આ બંને પરમેશ્વરના કરતાં જે પરમેશ્વર અચીંત્ય સરવ શાક્ષી સરવ વ્યાપી અને સરવ શકતીમાન જગદાત્મા હોવાની સાથે આપણી પેઠેજ આપણી સાથે બોલે આપણા ઉપર મમતા કરે આપણને સન્મારગે લઇ જઇ સદ ગતી આપે જેને આપણે આપણો કહી શકીએ આપણા સુખ દુઃખની જેને ચીંતા હોય અથવા મારો અપરાધ પોતાની કોટમાં લઇ લે " જેનો હું અને જે મારો " એવો પ્રત્યક્ષ સંબંધ જયાં અમારી વચ્ચે ઉત્પન્ન થાય જે મારૂં પીંતાની પેઠે રક્ષણ કરે

અને મારા ઉપર માતાના જેવી માયા રાખે અથવા મારી ગતી મારા અન્નદાતા મારા પ્રભુ મારા સાક્ષી મારૂં નિવાસનું અને આરામનું સ્થાન મારો છેવટનો આધાર અને વીસામો મારો મિત્ર અને રક્ષણ કર્તા એક બાળકની પેઠે જેને પ્રેમથી અને લાડથી હું બાઝી શકું વળગી શકું એવો સત્ય સંકલ્પ સકલેશ્વરય સંપન્ન દયા સાગર ભક્ત વત્સલ પરમ પવીત્ર પરમ ઉદાર પરમ કારૂણીક પરમ પુજય સરવ સુંદર સકલગુણ નીધાન અથવા ટુંકામાં કહીએ તો પોતાપણાવાળો સગુણ પ્રેમગમ્ય અને વ્યકત પ્રત્યક્ષ રૂપ ધારી સુલભ પરમેશ્વરજ મનુષ્ય ભકતી માટે સ્વભાવથીજ સ્વીકારે છે એમ કોઇ પણ ધરમ જોતાં માલુમ પડી આવશે. "

એ જોતાં દરેક ધરમ શાસ્ત્રોની શુધ્ધ ચીત વૃતીથી શોધ કરનારા ઇલમ શાસ્ત્ર રૂપી નકશાનાં બતાવેલ દીશાએ પરમ પુજય અવતાર પાત્રને ભેટીયા સીવાય છુટકો નથી અને તેની શોધ કરી તેના શરણમાં જવું એ દરેક શાસ્ત્રમાં સાર રૂપે લખાયું છે ત્યારે તેવા પુરૂષને મુકી અથવા હ૦ અલીને મુકી કુરાન કુરાન કહેનારા અમરૂઆસના ફરેબમાં ફસી પડેલા ભોળા ઇસલામીઓની કેવી ગતી થઇ તે જગજાહેર વાત છે. શું કરવું ને શું ન કરવું, એવી વીમાસણ ભરેલી મુશકેલી ઉભી થાય ત્યારે તેવી મુશકેલીનો મારગ

કલમ શાસ્ત્રમાંથી મલી શકતો નથી પણ આપ્ત વચન પ્રમાણુ વારા કેરા પુરખ તેવા વરમ પુધ્ધ ટાંકણે ખરો ખુલાસો કરી આપે તે ઉપર શ્રધ્ધા ધરાવવી. અત્ર ફરમાનનું મહત્વ કેટલું બધું છે તે સમજવાથી બેનશીબ કોઇએ રહેવું જોઇએ નહી.

એવા વખતના ઇમામના ફરમાન ઉપર દ્રઢ રહીયા સીવાયની પંડીતાઇ કે ભણતર પણ નીરૂપયોગી થઇ પડે છે તે માટે મરાઠી કવી તુકારામ બુવા કહે છે જે—

જળો તે જાણીવ જળો તે શાણીવ,
રાહો માજા ભાવ વિઠ્ઠલ પાયી.
જળો તે આચાર જળો તે વિચાર,
રાહો મન સ્થિર વિઠ્ઠલ પાયી.

અર્થાત—એવી જાણપણુ અને શાણપણને આગ લાગો ને મારો ભવ અવતાર પાત્ર વિઠ્ઠલના ચરણમાં રહો એવા આચાર વીચારને પણ આગ લાગો મારૂં મન અવતાર પાત્ર વિઠ્ઠલના ચરણમાં રહો.

માટે કંઇ પણ શંકા કે વસવસો રાખીયા શીવાય તેવા ઇમામતના ધણીને જાનમાલનો માલીક ગણી તે મઉલાની ગુલામીમાં રહેવું એજ હકીકતી દીનદારની બાદશાહી છે મઉલા સરવેને પોતાની શનાખત બક્ષે. આમીન !

# પ્રકરણ ૨ જું.

## જ્ઞાન શાસ્ત્રો અને ફરમાનનું મહત્વ.

પ્રીય દીનભાઇઓ ! આપણને જે માતરૂ ભાષામાં ગુર પીરે જ્ઞાન શાસ્ત્રો રચી આપ્યાં છે. તે વરતમાન કાળને અનુસરતા દેશ અને કાળને એટલા તો બંધ-બેસ્તાં છે કે, આજની વીસમી સદીના ઉજવળ સમ-યમાં જ્યારે દરેક ધરમ શાસ્ત્રોના પુરાતન ગ્રંથોમાં સુધારો વધારો કરવા તેમજ મુળ અક્ષરોમાંથી શુદ્ધ બુધીથી વીસ્તારીને અરથ કરી જમાનાને અનુસરતું કરવા દરેક ધરમાચારીઓને ફરજ પડે છે, ત્યારે આપણા જ્ઞાન શાસ્ત્રો રૂપી ઝવાહેર છુપેલી ખાણ ( સીંધી લીપી ) માંથી બહાર આવતાં કાના માત્રા જેટલો પણ સુધારો કીધા વગર ઝગમગાટ કરે છે ને તેમાં એટલું જમાનાને અનુસરતું જ્ઞાન છે કે તેનો વીસ્તારીને અરથ કરવાની પણ જરૂર રહેતી નથી અને અસલ સ્થીતીમાંથીજ આજના જમાનાને અનુ-સરતો બોધ તેના મુળાક્ષરોમાંજ અખુટ ભરેલો છે તેજ તેની સત્યતા છે.

તે જ્ઞાન શાસ્ત્રો ગુર બ્રહ્મા પીર સદરદીન, પીર શમ્સ વીગેરે પીરોની દઈવી શકતીથી તેની રચના આ દેશમાં આપણા માટે આબે હયાત છે. આપણામાંથી જુદા પડનારાઓને તે તરફ શા માટે અભાવ થયો તે સમજી શકાતું નથી. વગર મહેનતે માતર ભાષામાંજ પાક દીને ઇસલામનું ઉતમ શીક્ષણ, પાક કુરાને શરીફ અને હદીસ શરીફનું સારતત્વ આપણને મળ્યું છે. જે ખુદાઇ ફરમાનો હ૦ રસુલલ્લાહ મારફતે દુનીયામાં આવ્યા તે પાક કુરાને શરીફ ખુદાઇ ફરમાનનો ખજાનો છે, પણ તે ભાષા આપણે સમજી નહી શકીએ માટેજ તે ખુદાઇ પેગામને ગુરૂ માબાપે જ્ઞાન શાસ્ત્રો મારફતે આપવામાં આપણી ઉપર જબરો એહસાન કીધો છે, અને આ દેશમાં વસતા દીનદારોને દેશ અને કાળને અનુસરતા તત્વજ્ઞાનથી ભરેલા એવી ફીલસુફીથી સમજાવ્યા છે કે, આજના જમાનામાં સામાજીક, નઇતીક તેમજ રાજદવારી બાબતમાં પણ દરેક રીતે સંપુરણ સમજ આપનારા છે,

ઇશનાસરી લેખક મી૦ એદલજી ધનજી કાબાએ "ખોજા સરવ સંગ્રહ" નામે પુસ્તક બહાર પાડયું છે ને તે પુસ્તકમાં વીરોધભાવથી આપણા જ્ઞાન શાસ્ત્રો બુઆ અને હાજર ઇમામના ફરમાનો વીગેરે લીધા છે,

આવી ઉતમ ખુબી ધરાવનારાં જ્ઞાન શાસ્ત્રો તેણે તો મશ્કરીના રૂપમાંજ લીધા છે. અફ્સોસ તેની મુરખતા ભરેલી વીદવતા ઉપર! તે ખુદાઇ ફરમાનો અરબી ભાષામાં નહી હોઇ માતરૂ ભાષામાં છે જેથીજ તેને અભાવ પેદા થયો જણાય છે. પણ આવી રીતે માતરૂ ભાષામાં ઇલમ શાસ્ત્રો રચી આપનાર બુઝોરગ પીરનો આભાર નહી માનતાં—ગુણ ગ્રાહી નહી થતાં—ગુણ ચોર થનાર મી૦ કાબાએ શું કાબેલીયત કરી છે! ને તેની મુરખતા ભરેલી વીદવતા માટે કોઇ અપક્ષપાત દેશી ભાઇને પણ અફ્સોસ થયા વીના રહે નહી.

મી૦ કાબાના પેટમાં એવી તે શું બીમારી છે જે આવું શુદ્ધ અમૃત તેના હાથમાં આવ્યું—પુસ્તકમાં લીધું છતાં હજમ કેમ ન થયું—અને આવો વીકાર કેમ થઇ આવ્યો? આવા ખુદાઇ ફરમાન રૂપી અમ્રતથી વીકાર થનારાની સ્થીતી કેટલી ભયંકર હોવી જોઇએ એ પણ સહજ સમજી શકાય છે.

મી૦ કાબાના હાથમાં જ્ઞાન શાસ્ત્રો રૂપી ઝવાહેર આવ્યાં અને તેણે તેને હસી કાઢી કાદવમાં ફેંકી દીધા. તે ઝવાહેરમાંના થોડા નીચે મુજબના છે અમે તે ઝવાહીરને મી૦ કાબાની કલ્પનાની કીચડની ગાર (કાબાની કીતાબ) માંથી કાઢી થોડાં અતરે વાંચકોની સેવામાં રજુ કરીએ છીએ:—

તમે માનો અલી અવતાર
કે તો ફલ પામશોરે લોલ.
તો પાપ પરાછત થાસે દુર
કે પદમી પામસોરે લોલ.
જેણુ સરજી ચારે ખાણ
કે જીવજ નાખીયારે લોલ.
જેણુ કીધાં ભગતુના કામ
કે જુગા જુગ આવીયારે લોલ.
તે તો થંભથી ફુટી આવીયા બહાર
કે પહેલાજ તારીયારે લોલ.
ત્યાં હરણાકંસને મારીયો ઠામ
કે નખેસું વધારીયારે લોલ.
તેણુ હરીશ્ચંદ્રનો ઝાલ્યો હાથ
કે તેને ઉગારીયારે લોલ.

* * *

આશાજી સચો તું અલખ નીરીંજન
અગમ અગોચર,
સુંનકાલમેં સામી તું રમત રમીયો.
આશાજી અહુંકાર મધે શાહા અલી સેહે-
જેથી ઉપનું
ઉણીયાદેઆદ શાહાજો નામ ભણીયે.

આશાજી ખણુમાંહે શાહા મોરે સધ્રી રચાઈ
શરેષ્ટ કીલતાર,
સામીજી વીસનવ ભણીયે.
જીરેભાઈઓ સો નામે શાહા અલી એક ભણીજે
આંહી સુજાણીઓ શાહા કીલતાર.

*          *          *

જીરેવાલા ગુરનર સાથે ગોઠડી કીજે,
તત્વ અક્ષર સુદ્ધ લીજે;
જેણે થકી ભવસાગર તરીએ,
સરેવા સાહેબજીકી કીજે.
જીરેવાલા એ ગ્નાન માહારસ પીર ભણાવે
સદરદીન,
મોમન મારા અમીરસ પીવાને આવો;
હાજર જોમાને પાય પડીને
વધાવો તે કાયમ સામી.
જીરેવાલા સતગુર સાથે ગોઠડી કીજે,
એવા નીતો નીત અમીરસ પીજે.
જોત જગાડીને સામી રાજો બેઠા તો
પ્રેમેસું પુજા કીજે.
જીરેવાલા જનમો જનમની હું દુઆગણ હોતી,
તે સુહાગણ કીધી મોરે સ્વામી;
લખ ચોરયાસીના બંધ છોડાવીયા,
એવા મલીયા છે અંતરજામી.

જીરેવાળા દેવ જુગતમાં મેં પરીખ્યા દીઠા
તે સતગુર સાહેબ સાહી;
જનમો જનમની સરણાગત રાખી
તે અવીચળ પદ મુગતાઇ.

* * *

મહેદી હુવા હુય આપ રહેમાન
જેણે ઉપાઈ ચારે ખાણ,
આપે મહેદી ને આપે ઈમામ
આપે રાખીયા છે સરવે નામ;
ઉસકા કોઇ પામે ન પાર
દાદે આદમસે એહી પરીવાર.

* * *

નુર નબી થકી રચના કરયા,
તારે પહેલા તે હોતા આપ;
અરસ કુરસ સબ ઉપાયા,
અને ચંદા સુરજકા તાપ,

* * *

શાહે નુર પરણીયા ફાતમા બીબી,
નુરે નુર તે સમાવીયા એદી;
નબી મહમદે કહીયા કરયા,
બીબી ફાતમા નીકામે દીયા.

* * *

પહેલા સરજણહાર વખાણ્યા,
હરી જપંતા શક ન આણ્યા;
જીશથી રહેસે દુજા ફેરા,
જો તમે જાણ્યા બોહોત બોહોતેરા.
દુજા સત નબીકા સાચા,
જેસી કરણી તેસી વાચા.
નબી મહમદ જુગમેં આયા,
તીસથી ચાંદ્રણા મારગ પાયા.
બાટ સુધી જો ઉનહે દીખલાઇ,
રીત રસમ સબ શાહાકી પાઈ.

*　　*　　*

એરે આલથી આલ ચાલીયા,
તે તો આવીયા કેહેક નગરી માંહે;
વરચા અંગુઆ થાનક કહીએ,
શ્રી ઈસલામશાહા બેઠા છે ત્યાંહે—ચેતો.
એજી તે એલમ આલથી પ્રગટયા,
તેની શાંખ છે કુરાન માંહે;
કુરાન કુદરત માંહેથી ઉતરીયા,
તેની શાંખ છે એ ઘર માંહે—ચેતો.

*　　*　　*

એ ઘર સરેવે જે સતસું,
તેના પાતક સર્વે જાય;

અવનારે અવતાર ઓળખે,
તેને મોક્ષ મુગતજ થાય.

*         *         *

સામી તે જે સરજણહાર,
જીવ પીંઢકો કરે નીસતાર.
દીલની વાતુ જાણે જેહ,
સકળ જ્યોત હંસ પ્રકાશે તેહ.
સેવક તે જે સેવા સાર,
હરી જપંતા લંગે પાર.
પરીબ્રહ્મ વાચા પાળે જેહ,
સાચા સેવક કહીએ તેહ.
જ્ઞાન જ્યોત જે ગુરથી ધરે,
પ્રેમ વીધીથી જીવતાં મરે.
સતગુર વાચા પાળે જેહ,
કહે ગુર સોહોદેવ સાચા સેવક
કહીએ તેહ.

*         *         *

સત શબ્દ હય ગુર હમારા,
તાકો લખે નયો સંસારા.
સત શબ્દકા કરો વીચારા,
પીરશાહા કહોજી વારંવારા.

*         *         *

સતગુર કહેરે દીલમાં દેવ પુજીએ,
દીલમાં દેવ દુવાર;
દીલમાં સાંહીયા આપે વસે,
અને દીલમાં આપે દીદાર.

*　　　*　　　*

હમ દીલ ખાલક મઉલા સોહી વસેજી,
જેણે કાયમ કુદરત નીપાઇ.
ઇસરે માટીમાં સારી દુનીયા નીપાઇ,
ઇસમેં કોણ હીંદુ કોણ મુસલમાન
　　　　　　　　એભી અલ્લાહ.

એ ગ્નાન સાગરના અમુલ્ય ગઉહરોને મી૦ કાબાએ મુરખ શીરોમણી બની પોતાના કલ્પીત વીચારરૂપી કાદવમાં ફેંકી દીધેલા તેમાંથીજ ઉંચકીને ઉપર મુજબ રજુ કીધાં છે. કુતરાને ખીર ખાંડ જેવી ઉતમ વસ્તુ આપશું તો તે તેના પેટમાં રહેશે નહી, અને ઓકી કાઢશે તેમજ તેવીજ ખાશીયત ધરાવનારા મી૦ કાબા ગ્નાન શાસ્ત્રો રૂપી ખીર ખાંડને હજમ કરી શકયા નથી, અને હસદ જેવા ઝેરી ઓડકાર સાથે ઓકી કાઢયાં છે. ખુદા તેને હજમ કરવાની શકતી આપે, અને અમુલ્ય ગઉહરોની કીંમત આંકવા માટેની સમજ આપે એવી તેઓના હકમાં દુઆ માંગીએ છીએ.

આપણે ૨૯ લખ ચોરયાસીના ફેરા ફરી આ મનુષ્ય દેહીને પામ્યો છે, અને સતપંથ ધરમ અને હાજર ઇમામના પવીત્ર સાહયામાં રહેવા માટે કોઇ પુરવની કમાઇના લીધે હકીકતી દીનદાર થઈ અવતરયા છીએ. આપણે બચપણથી આપણી બુદ્ધીના વરગો પાડીએ તો અમુક વરસ સુધી આપણને બાળ ગમત સારી લાગતી હતી. તે પછીના સમયમાં બાળચેષ્ટા એ અજ્ઞાનપણું હતું એમ માનશું, અને યુવાવસ્થામાં આવતાં સ્ત્રી સંબંધમાં ગ્રહસ્થાઇ રીતે આવ્યા પછી બાળકના પીતા થવા પછી પુત્ર પુત્રી યુવાવસ્થાના થાય એટલે પછી પોતા ઉપરની જોખમદારી સમજી સંતાનોને કેળવવા, પવીત્ર સ્વધરમ પર ચુસ્ત બનાવવા તેઓને ઉમરે પુગતાં લાયકાત મુજબની સ્વતંત્રતા આપવી, પરણાવવા, હરણાવવા, વહેવાઇ વેલામાં મળવું, હળવું, તે પછી જુદી જુદી ભાવનાથી સંસાર સ્વમમાં પણ આપણને જુદા જુદા પ્રકારે બુદ્ધી ગમ્ય આનંદો અનુભવવામાં આવે છે. કોઇ બુઢો માણસ બચ્ચાંની માફક નાચી કુદી ગમ્મત કરે તો તે કેવું હાસ્યજનક જણાય છે, તેમજ તેવી રીતે જુદા જુદા પ્રકારના ધામીંક તત્વ જ્ઞાન મેળવવાના મારગમાં પણ જુદી જુદી રીતે જુદા જુદા પ્રકારના બુદ્ધી ગમ્ય આનંદો અનુભવવામાં આવે છે, આપણી બુધ્ધીનો

જેટલો વીકાસ થયો હશે તેટલુંજ સમજી શકાશે. ધારમીક મારગમાં પણ બુદ્ધીથી શકતી પ્રમાણે અંગીકાર સુધીજ સમજ પડે છે.

**સંસારમાં સરસો રહે, ને મન મારી પાસ;**
**સંસારમાં લોપાય નહી, તે જાણુ મારો દાસ.—**
**અરજુન.**

દીન ધરમની સેવા બજાવનારાને બુદ્ધીના વીકાસ પ્રમાણે વધુ ઓછા પ્રમાણમાં આનંદ અનુભવવામાં આવે છે. સંસારનો મોહ એ પણ એક પ્રકારનું સંકટ છે, અને એ સંકટમાંથી બચવાનો ઇલાજ જેમ બને તેમ મોહ ઓછો રાખવાની ટેવ પાડવી. કરતવ્ય કરમ કરતાં જે ફળ મળે તે પર સંતોષ રાખી પરોપકારી કાર્યો તેમજ યથાશકતી દીન ધરમની સેવા કીધાથી સંસારમાં મન પ્રફુલીત રહે છે, અને જો કંજુસ દ્રષ્ટીથી ધન સંચાર એકઠો કરવા પાછળજ મચ્યા રહીએ અને યથાશકતી સખાવત ઈ૦ કંઇ ન થાય, તો જેથી કામાગ્નીની ચીંતા વધુ જોસમાં આવ્યાથી આજુ બાજુ કાંઇ પણ ભાળી શકાતું નથી, ને પાપનું મુળ લોભ દ્રષ્ટીથી એકજ ઇંદ્રીનું રાક્ષસી જ્ઞાન મનને નીરબળ કરી મુકે છે, માટે યથાશકતી તન અગર મનથી અગર ધનથી ભોગો દેવાની ટેવ પાડવાથી

બુધ્ધી વીકસે છે, યાને મોક્ષ દ્રષ્ટીથી સંસાર ખોડવો જોઇએ.

ઉપર કહયું તેમ કાચી બુધ્ધીથી, પાકી બુધ્ધી અરથાંત બચપણ, યુવાવસ્થા, પાકટ વય વીગેરે જુદા જુદા સમયમાં બુધ્ધીને તેના વીકાસ પ્રમાણેનો જુદી જુદી દીશામાં આનંદ જણાય છે. સંસારના સરવે ચલીત સુખો અને આનંદ ઝાંઝવાના જળ જેવા નાશકારક છે. અને તે અનુક્રમે ભાવના બદલતી જાય છે. અને આપણો સંસારનો આનંદ જુદા જુદા રંગ પકડતો જાય છે. અમુક પ્રકારનું સુખ મળે તો બસ છે, પછી તે મળે કે તુરત તેથી વધુ મેળવવાની આશાના અંકુરો ફુટયાજ કરશે, ને મળેલા સુખમાં સ્વાદ નહી, પણ હવે પછી આ મળે ને તે મળે તો સ્વાદ આવે, એવી ધુમાડાના બાચકા ભરવા જેવી સ્થીતીમાં સંસારના સુખોની કીંમત આંકીએ તો આપણા જ્ઞાન ચક્ષુના પડદા ખુલે અને જેથી ખરી સમજ પડે તો ખરૂં સુખ અથવા ખરો સતચીત આનંદ ખુદાવંદ આલમીનમાં પોતાનું દીલ બાંધવાથીજ મળી શકે છે. ને તે સુખ ઉપર ફરી કદી અભાવ પેદા થતો નથી. પણ તે સુખ સાંપડયા પછી તેને સંભાળવાની ઘણીજ કાળજી રાખીએ તો વધુ અને

વધુ સુખી થઇ, ખરો સતચીત આનંદ અનુભવી શકીએ.

ત્રણ વરસના બાળકને સ્ત્રી સાથે લગન સંબંધની લાલચ દેવાથી તે લલચાસે નહી કારણ જે તેની બુધ્ધીમાં તે કામના પ્રગટ થઇ નથી, તેમજ ધારમીક મારગમાં સનાખત મેળવવા માટે બુધ્ધીનો વીકાસ થવો જોઇએ, ને દરેક ધરમ ક્રીયાઓ અદા કીધાથીજ બુધ્ધી વીકસે છે. કોઈ ઉંચે દરજ્જે ચડયો હોય, ને તેને પુરી પીછાણ થાવા પછી પણ જો બુધ્ધીના ફુલને દરેક ધરમ ક્રીયારૂપી અમૃત જળનું સીંચન કરવામાં ન આવે તો તે વીકસેલું ફુલ ( ઇમાન ) કરમાવા માંડશે. ઇમાન મજબુત બનાવવા માટે હાજર ઇમામ પ્રત્યે મોહોબત વધારવી જોઇએ, ને તે મઉલા ઇચ્છે છે તેવા થઇ તેના ઇચ્છવા પ્રમાણેના કાર્યો કરી તે મઉલાના વ્હાલા રહાની ફરજંદો થવા માટે આપણા દીન મજહબની સેવા બજાવવા તન, મન, અગર ધનથી યથાશકતી ભોગો આપી ઇમામને અને દીનભાઇઓને ઉપયોગમાં આવવું. તે મુજબ દીની સેવા કીધાથી સખાવતો વીગેરે કોમી સેવા બજાવ્યાથી ઇમાન મજબુત થાય છે, ને તેવી સેવા બજાવનારાને તેમ સેવા કીધા સીવાય ચેન પડેજ નહી. તેના હકીકતી સ્વભાવમાંજ " સ્વધરમની સેવા " એજ આનંદ

હોય છે તેમ દરેક બાબતમાં યથાશકતી સ્વધરમના સેવા કરવાથી ઇમામે ઝમાનનો આપણા ઉપર આશીરવાદ ( ખાનાવાદાન ) ઉતરે ને જેથી ઇમાન દૃઢ થાય ને પછી ચાલુ સેવા કર્યાથી બુધ્ધીનો વીકાસ થતાં સ્વધરમ પ્રત્યે ચુસ્ત શ્રધ્ધા બંધાય.

આપણે દરેક સંપ્રદાયોના ધરમના સીદ્ધાંતો જોઇશું તો શંકા અને તેનું નીવારણ કરવા માટે તેઓને ઘણા ઘણા ગ્રંથો ફેરવવા પડે છે. અમુક બાબતમાં શંકા ઉપજે છે તેનું શું કરવું ? તે માટે એક બીજાને પુછી નવા નવા ધારમીક પુસ્તકો ફેરવી, તેવી રીતે સત્યતાની શોધમાં જનમારો કાઢી નાખે છે, તોપણ જોઇએ તેવી રીતે શંકાનું નીવારણ થાતું નથી. કોઇ કોઇ સત્ય શોધકો આખી જીંદગી સતગુરૂની ગેર-હાજરીમાં એકલા ધરમ શાસ્ત્રોમાંથી પુરી શાંતી મેળવ્યા સીવાય જનમારો ધરમની શોધમાંજ કાઢે છે. જરૂર તેવા સત્ય શોધકો, ભાવીકો અને ભક્તજનો પોતાના આત્માની ઉન્નતી થાવા માટેજ પ્રયાસો કરે છે પણ—

સેહસ્ત્ર બરસ કીજે ભકિત,
મુરશીદ કેરી એકજ રતી.

એ મુજબ આપણે પુરવના પુન્યના અધીકારે લઇને આપણને જે સતગુર ( શરેષ્ટ ગુરૂ ) મલ્યા છે,

તે હાજર ઈમામ આપણી દરેક શંકાનું નીવારણ કરી આપે છે, દરેક એક એક રૂહાનીના જુદા જુદા અધીકાર પ્રમાણે જુદી જુદી જડીબુટી આપી, આત્મીક બીમારીઓ માટે દરદીની સ્થીતી તપાસી રૂહાની અઉષધ આપે છે. દરદીનું દરદ અને તે માટેની દવા તે રૂહાની ડાકટર હાજર ઇમામ સારી રીતે જાણે છે, એટલે આપણી દરેક શંકાનું નીવારણ થઇ જાય છે. માટે આપણે સત્ય શોધક થઇ આપણા આત્માની તન્દુરસ્તી મેળવવા દવા લેવા તેમજ ફીરી રાખવાની કાળજી ધરાવવામાં સુસ્ત થવું જોઇએ નહી.

તીલક જેવા સત્ય શોધકે ગીતા રહસ્ય લખ્યું છે. તે શંકાનું નીવારણ કેમ કરવું? અમુક બાબતમાં કેમ વરતવું એવી–શંકા–અને તેનું નીવારણ કરવામાં ગીતાના રહસ્યને લંબાણ વીસ્તારીને લખી છે, અને તેના સારમાં "સંસારમાં કરતવ્યપરાયણ માનવી થઈ ફળની આશા રાખ્યા શીવાયના કરતવ્યો કરત્તે જવાં, ફલાસા ત્યાગ વઇરાગ ધારણ કરી, પરોપકારી કારયો કરવા તેનું ફળ આ જનમમાં નહીતો બીજા જનમમાં ભક્તી મારગમાં રહયાથી ભવીષ્યમાં આપ્ત વચન પ્રમાણ પુરૂષ–પાત્રને ભેટી જન્મ સફળ થવાની આકાંક્ષા દરશાવે છે," સંસારમાં કરમયોગી થઇ

ચાલવા માટે ગીતાને લંબાણુ વીસ્તારીને લખી છે ને પ્રસ્તાવનામાં લખ્યા મુજબ તેઓનું શબ્દવરતન ગીતાનાં ફરમાન અનુસાર, ગીતાને ગુરૂ સ્થાને ગણી કરમ યોગી થઇ ચાલવાનું પસંદ કરે છે, ફલાસા ત્યાગ વઇરાગ અને કર્મોત્સાહ—એટલે ઉત્સાહ પુરવક કામ કરી તેના ફળ માટે આશા બાંધવી નહી. નીષ્કામ ભકત થઈ કારયો કરવાં! ઇશ્વર અરપણુ અથવા કૃષ્ણાર-પણુ કારયો કરવાં.

હવે તે નીષ્કામ ભકતી કોના પ્રત્યે છે એ સવાલ મનુષ્ય દેહીમાં શ્રી કૃષ્ણ જેવા અવતાર પાત્રની ઇંતેજારીમાં મુલતવી રહે છે, હાલ તો કરમ યોગી થઇ, કારય કમ કરી તે પછી તેના ફળમાં પાત્રના દરશન થશે એવો સાર નીકળે છે, તેઓના તે પ્રયાસ ઉપરથી આપણે ધડો લેવો જોઇએ જે, આવા સત્ય શોધકો પોતાના આત્માની ઉન્નતી થવા માટે કેવા કેવા સાહસો ખેડે છે, અને આટલું આટલું શાસ્ત્ર સંપાદન કીધા પછી, છેવટે ગુરૂ મુખ કે આપ્ત વચન પ્રમાણુ, પુરૂષ વગર શાસ્ત્રો ઉપરથી તેઓની શંકાનું પરીપુરણ સમાધાન થતું નથી કે દરશન વગર તેઓના આત્માને શાન્તી મળતી નથી, એમ ખુલ્લું સ્વીકારે છે. ગીતાનું જ્ઞાન સન્યાસી થતાં રોકે છે. અરજુનને શ્રી કૃષ્ણે

બોધ દઇ કરમ કરવા પ્રેરણા કીધી. પીતૃ હત્યા જેવા ઘોર પાપ કરવા માટે અરજુનનું રૂદય કંપવા લાગ્યું, ત્યારે શ્રી કૃષ્ણે તેની બુધી ઠેકાણે લાવવા ગીતાના શ્લોકો કહયા છે. કોરવ સંહાર કરવામાં જે અરજુન ઘોર પાપ સમજતો હતો એ તેની અજ્ઞાનતા હતી.

પીતૃ તરફના મોહના લીધે ક્ષત્રી ધરમ ભુલી જવા લાગ્યો, તે વખતે પ્રત્યક્ષ રૂપ ધારી આપ્ત વચન પ્રમાણ પુરૂષે અરજુનની શંકા ટાળી પણ તેવા પુરૂષો તેમની ગેરહાજરીમાં શાસ્ત્રાદી પુસ્તકો ઉપરથી અરજુનનો મોહ નાશ પામે એમ નહી હતું, એકલા શાસ્ત્રોથી, ધરમ–અધરમ સમજવા જેટલું અરજુનમાં સામરથ નહી હતું કે, તેવા પુરૂષ વગર બીજા કોઈનું સામરથ નહી હતું જે અરજુનને સમજાવે તેમજ દરેક જમાનામાં તેવી ગુંચવણ ભરેલી મુશકેલીમાંથી ધરમ–અધરમ બતાવનાર આપ્ત વચન પ્રમાણ પુરૂષ વગર ગીતા કે કુરાન કે કોઇ પણ ઇલમ શાસ્ત્રોથી મનુષ્ય જાતીની શંકાનું નીવારણ શરેષ્ટ ગુરૂ શીવાય કોઇ કરી શકે તેમ નથી. વળી ભાવીકો અને ભકતજનો માટે પરમ પુજ્ય પરમેશ્વરને અવતાર ધારણ કરી જુગોજુગ રહેવું પડે છે એમ ગીતામાં શ્રી કૃષ્ણ પરમાત્મા ફરમાવે છે, માટે જરૂર અધીકારી જનો માટે મોક્ષનું

દ્વાર અવતાર પાત્ર દુનીયામાં કાયમ અને દાયમ રહે છે, ને તે વેદ, કુરાન, ગીતા તેમજ દરેક ધરમ શાસ્ત્રોથી સાબીત થાય છે.

અવતાર પાત્રની ગેરહાજરીમાં સત્ય શોધકોને પણ શાસ્ત્રો ઉપર વધુ વજન આપવું પડે છે, વળી ગયા વખતના શાસ્ત્રો, આ વખતમાં સમય બદલ્યાથી દરેક રીતે બંધ બેસતા નહી થવા છતાં, પોતાના આત્માને શાંતી આપવા સ્વધરમના શાસ્ત્રોથી, સદબોધ લઇ અથવા સમયાનુસાર તેનો અરથ કરી, મુળ અક્ષરોમાંથી નીકળતા અરથ ઉપરાંત શુદ્ધ બુધ્ધી અને શુદ્ધ ભાવનાથી શુધ્ધ કલ્પનારથ પણ વધારામાં કાઢે છે, ને સતગુરજીની ગેરહાજરીમાં તેમ કીધા શીવાય ચાલતુંજ નથી, તે માટે ગીતા રહસ્યમાં પ્રસ્તાવનામાં મી૦ તીલક લખે છે જે:—

“કોહીનુર હીરાની એવી વાત કહેવાય છે કે, તેને વીલાયત લઇ જવામાં આવ્યો અને તે પછી તેને નવેસરથી પહેલ પાડવા પડયા અને તેથી તે અધીક તેજસ્વી લાગ્યો, હીરાને લાગુ પડતો આ ન્યાય સત્ય રૂપી હીરાને પણ લાગુ પડે છે. ગીતાનો ધરમ સત્ય અને “અભય” ખરો, પણ તે જે કાળમાં જે સ્વરૂપમાં કહેવામાં આવ્યો તે દેશ કાલાદીની પરીસ્થીતીમાં પુષ્કળ ફરક પડી ગયાથી કેટલાકની દ્રષ્ટીએ

તેનું તેજ હવે પુરવના જેવું ઝગઝગાટ જણાતું નથી. ”

આવી રીતે જ્ઞાન સાગરમાં ઝીલનારા સત્ય શોધકો પોતાની આત્મીક શંકાનું નીવારણ કરવા ગીતામાં સમયાનુસાર પહેલ પાડવાનું ઉચીત ધારે છે. સદગુરૂ આપ્ત વચન પ્રમાણ પુરૂષ વગર તેમ કીધા સીવાય તે શાસ્ત્રોથી મનનું સમાધાન થતું નથી કે શાંતી મળતી નથી, માટે સમયાનુસાર જમાનાની નઇતીક પ્રવૃતીને અનુસરતો અરથ કાઢવો પડે છે. ગીતા ઉપર ઘણી ટીકાઓ થઇ છે. ને જુદી જુદી રીતે ગ્રંથકારોએ અરથો કીધા છે. તે સરવે માટે મી૦ તીલક સરળ ભાવ દરશાવી પોતા તરફના ગ્રંથ માટે પણ સહુના મત સાથે પોતાનો મત દરશાવતા, પોતા તરફનો ગ્રંથ જન સમાજમાં રજુ કરે છે, ને ગીતાના મહત્વ માટે લખે છે જે:—

“ હીંદુ ધરમ તત્વ સમજાવનાર—ગીતાના જેવો બીજો ગ્રંથજ સંસ્કત વાઙ મયમાં નથી એમ કહીએ તો પણ ચાલે.... ( વળી લખે છે જે ) ગીતા ઉપર ટીકાઓ ઘણી થઇ છે તો ગીતાનો ગુઢારથ સમજવા ગુર મુખ સીવાય બીજો મારગ નથી. ”

ગમે તેટલું લખવા પછી “ સતગુર જોઇએ. ” એ મુદા પર આવનાં ચાલુ વરતમાન વખતના સતગુરૂનું

સ્થાન ( દરખાનું ) બતાવી શકતા નથી, ગીતા ઉપર જુદી જુદી ટીકાઓ થઇ છે તે માટે મી૦ તીલક લખે છે જે:—

" ગીતા એટલે કંઇ ગોડ બંગાલ નથી કે, જેમાંથી જે જોઇએ તે અરથ નીકળે ઉપર લખેલ સરવ સંપ્રદાયો નીકલ્યા પુરવે ગીતા નીરમાણ થએલી છે, અને શ્રી કૃષ્ણે અરજુનને શ્રમ વધારવા નહી પણ દુર કરવા સારૂ ઉપદેશેલી છે, તે દ્વારાએ વીશીષ્ટ નીશ્ચીત અરથનો અરજુનને બોધ કરેલો છે, અને તે બોધનું અરજુનના મન પર પરીણામ પણ લેવુંજ આવેલું છે, તો પછી ગીતાના તાત્પરય સંબંધે આટલી ભાંજગડ શી ? એમ સમજો કે એકાદ મીષ્ટ કે રસદાર પકવાન જોઇને એકે કહયું કે, એ ઘઉંનું છે, બીજાએ ઘીનું, ત્રીજાએ સાકરનું છે એમ ત્રણેએ પોત પોતાની રૂચી પ્રમાણે કહયું, તો હવે તેમાંથી આપણે ખોટા કોને માનીશું ? ત્રણે પોત પોતાની દ્રષ્ટી બીંદુથી ખરા છે અને એટલું થયા પછી પણ એ પકવાન્ન શું છે ? એ પ્રશ્ન બાકી રહે છે તે રહે છેજ.

કારણ ઘઉં, ઘી અને સાકર એ ત્રણે પદારથ એકત્ર કરીને લાડુ, જલેબી, મોતીચુર ઇ૦ અનેક પકવાનો બનાવવામાં આવે છે, ત્યારે તે પ્રસ્તુત પકવાન શું છે ? તેનો નીરણય—તેમાં ઘઉં મુખ્ય છે કે ઘી

મુખ્ય છે કે સાકર મુખ્ય છે એટલું કહેવાથી થઇ શકશે નહી, સમુદ્ર મથનને વખતે એકને અમ્રત, બીજાને વીષ કોઇકને લક્ષ્મી, કોઇકને અઇરાવત કઉસ્તુભ, પારીજાત, એમ નીર નીરાળી વસ્તુ, નીર નીરાળી વ્યકતીને મળી, પણ તેટલાથી સમુદરના વાસ્તવીક રૂપનો નીરણય થયો નહી. સાંપ્રદાયક રીતીથા ગીતા સાગરનું મથન કરનારા ટીકાકારોની તેવીજ અવસ્થા થઇ છે, અથવા કંસવધને વખતે રંગ મંડપમાં દાખલ થયેલા એકજ ભગવાન શ્રી કૃષ્ણ જેમ પ્રત્યેક પક્ષને નીર નીરાળા એટલે મલને વજ્ર જેવા સ્ત્રીઓને મદન સરખા પોતાના માત પીતાને પુત્ર સરખા એમ અનેક પ્રકારે દીસતા હતા."

એ મુજબ ગીતાના જુદી જુદી રીતે ભાષાંતરો થયા છે અને દરેક ટીકાઓ માટે તીલક પણ સરળતાથી દરેક ટીકાઓનો સત્ય શોધક થઇ સત્ય મારગ દરશાવનારો પોતા તરફનો સ્પષ્ટ ખુલાસો કરે છે, તેમ છતાં પણ ગુર મુખ શીવાય પરીપુરણ ન સમજાય એટલી અપુરણતા પણ મુકત કંઠે કબુલ કરે છે. એક ઠેકાણે લખે છે જે—

"શાસ્ત્રોની આજ્ઞા પણ કેટલીવાર પરસ્પર વીરોધી હોય છે."

એ મુજબ શાસ્ત્રોની આગ્ના ( હુકમ ) થાય તે માટે પણ ચોખાવટ ખુલાસો થવા પહેલાં વીરોધ ભાવ ( બેમત ) ઉભો થાય છે. તે પછી શુધ્ધ વ્રતીથી અમુક નીરણુય પર ( શરેષ્ટ ગુરૂની ગેરહાજરીમાં ) ન ચાલતે આવવું પડે છે. અને ઉપર આપણે જોયુ તેમ આપણી માતરૂ ભાશાના ગુજરાતી સાહીત્યમાં જુદા જુદા સંપ્રદાયો વચ્ચે તેના અરથ માટે આટલા આટલા મત ભેદો રહેલા છે. વળી આપણે સમજી શકીએ તે ભાષામાં તે સાહીત્યો હોવાથી તેનું અવલોકન કરીએ તો દરેક ગ્રંથકારોના વીચારો સમજી શકીએ તેમ છે, ને તે શુધ્ધ ચીત વૃતીથી લખાએલાં ગ્નાન સાગરો રૂપી નકશામાં "શરેષ્ટ ગુરૂથી વધુ ખુલાસો મેળવવો અને આપ્ત વચન પ્રમાણ પુરૂષના શરણે રહી સમજવુ" એવું સ્પષ્ટ લખાયું છે. વળી મીં૦ તીલક લખે છે જે—

"ગીતામાં પણ માનવ રૂપ ધારી સગુણ પરમેશ્વરની નીઃસીમ અને એકાન્તીક ભકતી એજ પરમેશ્વરની પ્રાપ્તીનું મુખ્ય સાધન છે."

ઉપલા ગીતામાંથી જે દૃષ્ટાંતો લીધા છે તે ઉપરથી સહજ સમજી શકાય છે જે આપણા "ઇમામે ઝમાન" સરવ સંપુરણ પાત્ર છે અને આપણે તે બરહક "ઇમામે મુબીન"ના પવીત્ર સાહયામાં છીએ.

આપણા માટે ઇલમ શાસ્ત્ર છેલ્લા કળીયુગના ગુર બ્રહ્મા નબી મહમદ મુસતફા રસુલ સ૦ ની હદીસ શરીફ અને તે પાક રસુલીલ્લાહ ઉપર નાઝલ થએલ પાક કુરાને શરીફ તે વેદ વાયક પ્રમાણે આજના જમાના માટે બરહક છે. આપણે હદીસ શરીફ અને કુરાને શરીફની અરબી અઘરી ભાષા સમજી ન શકીએ માટે આપણી માતરૂ ભાષામાં તે અરબી ગઉહરોના ભાષાંતર વાંચી સમજવું જોઇએ પણ જેમ ગીતા માટે ભાષાં-તરો અને ટીકાઓ વીશે ઉપર જોયું તેમજ પાક કુરાને શરીફના અમુલ્ય ફરમાનોનો પણ સઉ સઉને મનગમતો અરથ કરી દીને ઇસલામના દરેક ફીરકાવળા ઇસલામી ભાઇઓ પોત પોતાને જેમ વ્યાજબી લાગે તેમ સમ-જણુ લીએ છે. હવે તે પુરાતન બીજા મુલક ( અરબ ) ની ભાષામાં લખાએલા "ખુદાઇ ફરમાનો" આપણને આપણે સમજી શકીએ તેમ ખરા સ્વરૂપમાં કોણ સમ-જાવે ? મી૦ તીલક લખે છે જે—

"ખ્રીસ્તી અને મુસલમાન ધરમોના આદી ગ્રંથ બાઈબલ અને કુરાનના સંબંધમાં પણ તે પછી થએલ! સેંકડો ગ્રંથકારોએ આવી રીતે અરથાન્તરો કરેલા છે અને બાઇબલના જુદા જુદા કરારમાંના કેટલાક વાકગોનો આજ ન્યાયથી કરેલા યહુદી લોકોના અરથથી જૂદાજ અરથ ખ્રીસ્તી ભકતો કલ્પે છે."

## હદીસ.

યા અલી અલ અઇમ્મતો મીન વુલ્દેકા ફમન અતા અહુમ ફકદ અતા અલ્લાહા વ મન અસાહુમ ફકદ અસા અલ્લાહ વ હુમ ઉર વતુલ વુસકા.

મતલબ—હ૦ નબી સાહેબે ફરમાવ્યું કે " એ અલી ઇમામો તારા ફરજંદોમાંથી થશે, જે તેમની તાબેદારી કરશે તેઓએ ગોયા ખુદાવંદતઆલાની તાબે-દારી કરી, જે તેઓની સામે બંડખોર થશે તેઓ ગોયા ખુદાવદતઆલા સામે બંડખોર થયા, તેઓ (ઇમામો) મજબુત દોરડું છે. (વસીલો પક-ડવા માટે.)

(નુરે વહદાનીયત.)

એ હદીસ શરીફના ફરમાન મુજબ કુરાન સાથે ઇમામત યાને હીદાયત સાથે હાદી દુન્યામાં કાયમ દાયમ હાજરી આપતા રહેવાના છે. વળી તેવા ઇમામે મુબીનની બઇઅત કરવા માટે પણ હદીસ શરીફનું સખત ફરમાન થયેલું છે જે "વખતના ઇમામની બઇઅત કીધા સીવાય મરતું તે જાહેલના મોતે મરવું થાય છે." અલી કુરાન સાથે છે ને કુરાન અલીની

સાથે છે. તે હ૦ રસુલ્લાહની હદીસના ફરમાન મુજબ સીલસીલે ઇમામતમાં તે ઈમામતનું નુર ઝહુર અવલ અલી શે। આખર અલીમાં રોશન થતું રહ્યું છે.

આપણે ખુદાઇ ફરમાનને। ખજાને। પાક કુરાને શરીફનું સારતત્વ “ બોલતું કુરાન ” ઇમામે ઝમાનના ફરમાનદ્વારા સહેલાઇથી સમજી શકીએ છીએ ને તેજ ઇમામ તરફથી નીમાએલા પીર સદરદીન પીર શમ્સ વીગેરે બુઝરગ પીરોએ આપણને કુરાને શરીફ અને હદીસ શરીફનું અરબી ભણતર આપણે સમજી શકીએ તેવી રીતે આપણી માતરૂ ભાશામાં જ્ઞાન શાસ્ત્રો રચી આપ્યા છે.

ઇમામ તરફથી નીમાયેલા પીરોના રચેલા જ્ઞાને શરીફમાં હદીસ શરીફ અને કુરાને શરીફનુ તમામ સારતત્વ આવી જાય છે. આપણા બીજા મુલકના દીનભાઇઓ અરબ, બાલુ, મઉલાઇ વીગેરે—તે અરબી ભાષામાંથી સમજી શકે છે જેથી તેઓને હીદી જ્ઞાન શરીફનું કામ પડતું નથી. વળી જ્ઞાન શાસ્ત્રો અહીની ભાશામાં આપણે સમજી શકીએ ને માટેજ પીરે શ્રમ ઉઠાવીને રચી આપ્યાં છે. તે મુલકના દીનભાઇઓ માટે પીરને આટલો શ્રમ વેઠવો પડયો નથી, પાક દીને ઇસલામનું હકીકતી ઇલમ શાસ્ત્ર જે માતરૂ ભાષામાં આપણા પાસે મોજુદ છે તે બુઝરગ પીરો તરફથી

અખુટ ખુદાઇ ફરમાનનો ખજાનો મળેલો છે. વળી તે બુઝરગ પીરોની નેમણુંક ઇમામે કીધી છે યાને ઇમામ સુરયના કીરણ રૂપે તે નામવર પીરો હોવાથી તેઓ તરફથી જે અરબી ઇલમ શાસ્ત્રોના ભાષાંતરો થયેલા છે તે શરેષ્ટમાં શરેષ્ટ છે. આપણુને તે ખુદાઇ ફરમાન પાક કુરાને શરીફ અને હદીસ શરીફના જોઇએ તેટલા ભાષાંતરો મલી આવે તોપણ આપણી નજરમાં આપણા બુઝરગ પીરોંએ કીધેલા ભાષાંતર રૂપે ગ્નાન શાસ્ત્રો ઇમામ ઝમાનની રખેવાલીથી અને સતાથી હીફાજત થતા આવ્યા આપણુને મલ્યા છે તે સરવોતમ છે જેથી બીજા કોઇ ભાષાંતર ઉપર આધાર રાખવો પડતો નથી કે અરબી ભાષામાં વગર સમજીએ કુરાને શરીફ વાંચવાની તકલીફ લેવી પડતી નથી અને કુરાન અને હદીસ શરીફના ફરમાનો મુજબ આપણા રૂહાની પીતા હક મઉલાના સરકાર આગા સુલતાન મહમદ શાહા દાતાર આજના જમાનાના અલી આપણા બરહક ઇમામે ઝમાન છે ને તેની પનાહમાં રહયાથી આપણે મુકતીના હકદાર છીએ, આપણી શાંતી કે આપણી મુકતીનું દ્વાર બંધ નથી પણ ખુલ્લુંજ છે ને તે દરેક શાસ્ત્રોથી સીધ્ધ થાય છે.

જાંકું દરશન હીત હય તાંકું દરશન ઉત,
જેણે હીતે ન દેખ્યા ઇમાનસું શો કયા દેખેંગા ઉત.

આપણે વીચાર કરશું તો સ્પષ્ટ સમજી શકશું જે મુશ્કેલીના મારગમાં શાસ્ત્રોમાંથી સમજણ પડી શકવાની નથી, જયારે બે ધરમની બજાવણી આપણી સામે પ્રત્યક્ષ આવે છે ત્યારે બે માંથી કયો ધરમ બજાવવો એવું ધરમ સંકટ થઇ પડે છે કે એકથી બીજો વીરૂદ્ધ એવા બે ધરમમાં કયા ધરમની વીરૂદ્ધ જવું અને કયા ધરમની તરફેણ કરવી અથવા તે બેમાં શું ધરમ છે ? શું અધરમ છે ? તે સમજાવનાર જમાનાનો ઇમામ હાજર ન હોય તો કયાંથી રસ્તો સુજે તે માટે હ૦ અલી અને પાક કુરાને શરીફનું દ્રષ્ટાંત લઇએ હ૦ અલીએ ફરમાવ્યું જે "દુશમનોએ ફરેબથી કુરાનને નેજા પર ચડાવેલું છે ને હું બોલનું કુરાન છું. મારૂં ફરમાન માની લડાઇ ચાલુ રાખો." તે વખતે હ૦ અલીના ફરમાન મુજબ લડાઇ ચાલુ રાખ્યાથી પાક કુરાને શરીફનું અપમાન થાય છે એમ સમજનારાનો ખોટો ભ્રમ હતો. કારણ જે કુરાને શરીફના પવીત્ર ફરમાન અનુસારજ બોલતું કુરાન હ૦ અલી છે ને તેના ફરમાવ્યા મુજબ લડાઇ કીધાથી કુરાને શરીફનું અપમાન થવાનું નહી હતું કે દોશ લાગવાનો નહી હતો પણ દોશારીઓ દોશજ જોય છે અને આપ્ત વચન પ્રમાણ પુરૂષ ઉપર મજબુત વીશ્વાસ નહી ધરાવીયાથી પોતાની કુશંકાના ફળો પોતાનેજ ભોગવવા પડે છે.

લોકોએ કહ્યું કે "કુરાને શરીફ સામે લડાઇ નહી થાય" પણ કુરાને શરીફ સામે લડાઇ કરવાનું હ૦ અલી પણ ફરમાવતા નહી હતા.

કુરાને શરીફ એટલે ખુદાઇ ફરમાન તો શું ખુદાઇ ફરમાન વીરૂધ્ધ કે ખુદાઈ મારગ વીરૂદ્ધ લડાઈ કરવાનું હ૦ અલી ફરમાન કરે? (તોબા તોબા) એ હરગીજ બનવા જોગ નથી પણ ખુદાઈ સતા દુનીયામાં કાયમ કરવા મોમીન દીનદારોનો સરદાર અમીરૂલ મોમનીન મુશકીલ કુશા મખલુકાતને ખુદાઇ મારગ પર દોરવી જનારો કાતેલુલ મુશરકીન યાને સુશરકોને કતલ કરનારો દુલ દુલ સવાર મુશકીલ કુશા જે લડાઇ કરવાની મોમીન બીરાદરોને પ્રેરણા કરતા હતા તે પાક કુરાને શરીફના ખુદાઇ ફરમાનની અમલ બજાવણીજ કરતા હતા પણ જડ દ્રષ્ટીથી જોનારાને તેના અધીકાર સુધીનીજ સમજ પડે છે અને સુક્ષમ દ્રષ્ટીથી હકીકતી મકસુદથી વસ્તુ સ્થીતી અને સારતત્વને સમજી નહી શકયાથીજ આમ બનવા પામ્યું છે તે મુજબ અરજુન ગીતાનો દાખલો પણ તેવાજ પ્રસંગનું દ્રષ્ટાંત છે.

"દુષ્ટ દુરયોધનને સહાય કરી પોતાની સામે લડવાને કોણ કોણ આવ્યું છે તે જયારે અરજુને જોવા માંડયું ત્યારે વૃધ્ધ પીતામહ ભીષ્મ, ગુરૂ દરોણાચાર્ય અને ગુરૂ પુત્ર અસ્વત્થામા પ્રતીપક્ષી થયા હતા.

બાંધવ એવા કૌરવો અને બીજા સજનનો આપ્ત વહે-વાઇ વહોટ અને મીત્રો, મામા, કાકા, સાળા, બનેવી રાજા, રાજપુત્રો વીગેરે તેની દ્રષ્ટીએ પડયા અને કેવળ હસ્તીનાપુરીનું રાજય મેળવવા માટે આમને મારી સ્વકુલ ક્ષયનું મોટું પાપ કરવું પડશે, એ વીચાર તેના મનમાં ઉત્પન્ન થતાં તેનું ચીત એકદમ ક્ષુબ્ધ થયું એક તરફ ક્ષત્રીય ધરમ 'લડાઇ કર' એમ હુકમ કરે છે, અને બીજી તરફ પીતૃ ભકિત, ગુરૂ ભકિત, બંધુ પ્રેમ, સુદ્ર પ્રીતીએ પોતા તરફ ખેંચી અને એ ધરમથી પાછો હઠાવે છે. લડાઇ આપસ-આપસમાંજ કરવાની હોવાથી, જો કરી તો પીતામહ, ગુરૂ અને આપ્ત જનની હત્યાનું ઘોર પાતક બેસવાનું અને જો ન કરીએ તો ક્ષત્રીય ધરમથી ભ્રષ્ટ થવાનું એ રીતે એક બાજુ કુંડ તો બીજી બાજુ કુવો દેખતાં, બે મસ્તાના મેંઢાની ટકકરમાં ફસાઇ ગયેલા કોઇ ગરીબ પ્રાણીના જેવી અરજુનની દશા થઇ.

અરજુન જેવો મોટો યોધ્ધો પણ ધરમનાં નઇતીક ફાંસામાં અકસ્માત આવી જવાથી તેનું મ્હોં સુકાવા લાગ્યું, અંગે અંગે રોમાંચ ખડા થઇ ગયા, હાથમાંથી ધનુષ્ય પડી ગયું અને "હું તો મારે નહી લડું" એવા રોતા અક્ષર કાઢતો પોતાના રથમાં એકદમ બેસી ગયો, અને આખરે દુર રહેલા

ક્ષત્રી ધરમ ઉપર મનુષ્યને સ્વભાવથી વધારે પ્રાય લાગનાર મમત્વની એટલે નજીકના બંધુ સ્નેહની સેહ બેસી ગઈ અને મોહથી તે કહેવા લાગ્યો જે 'પીતૃ વધ, ગુરૂ વધ, બંધુ વધ, સુહ્રદીધ કૌંબહુના કુલક્ષય જેવા ઘોર પાપ કરીને રાજ્ય મેળવવા કરતા પેટનો ખાડો પુરવા માટે ભીખ માંગવી એ શી ખોટી ? આ વખતે મને નિ:સશ્ત્ર જોઇને શતરૂ મારૂં ગળું કાપે તો તે બહેતર છે, મારા મનને આવાં ઘોર પાપ કરવાં એ શ્રેયકર ન લાગે તો ક્ષત્રી ધરમ ગમે તેવો શાસ્ત્રોકત હોય તો આવે પ્રસંગે મારે તે શા કામનો ?'

આ પ્રમાણે તેનું મન તેને ખાવા લાગ્યું, તેથી 'ધરમ સમુંઢ' થતાં કયો કરતવ્ય ધરમ સ્વીકારવો એ ન સુઝતા તે શ્રી કૃષ્ણને શરણે ગયો, અને પછી ભગવાને તેને ગીતાનો ઉપદેશ કર્યો, અને તેનું મન ઠેકાણે આવ્યું 'હે અરજુન ! તે માટે તું યુદ્ધ કર, તે માટે હે કુંતીના પુત્ર ! તું યુદ્ધ કરવાનો નીશ્ચય કરીને ઉભો થા, તે માટે આસક્તિ રહીત થઇને કરવાના કર્મનું તું સારી રીતે આચરણ કર, માટે તું કર્મજ કર, મારૂં સ્મરણ કરીને તું યુધ્ધ કર, સરવનો કરનાર અને કરાવનાર હુંજ છું તું તો નીમીત માત્ર છે, માટે લડાઇ કર અને શતરૂને જીત ( ગી૦ ૧૧-૩૧ ) અરજુન પ્રત્યે પોતાનો નીશ્ચીત અને ઉતમ મત

ભગવાને ઉચ્ચારેલો છે, અને આખરે 'હે અરજુન! તારો મોહ તારૂં અજ્ઞાન હજી નષ્ટ થયું કે નહી?' એવો પ્રશ્ન પુછ્યો. અરજુને કહયું 'હે અચ્યુત્ય, તારા પ્રસાદથી મારો મોહ નાશ પામ્યો, મારી સમૃતી મને પ્રાપ્ત થઇ, મારો સંદેહ ચાલ્યો ગયો, હવે હું દ્રઢ થઇને ઉભો છું અને તારા વચન પ્રમાણે આચરણ કરીશ."

એ ગીતાના દ્રષ્ટાંત તરફ જોતાં ધરમ યુધ્ધમાં ફસી પડેલા અરજુનનો મોહ શ્રી કૃષ્ણ શીવાય શાસ્ત્રોથી કે કોઇથી દુર થનેજ નહી, તેમજ સંસારમાં તેવા પ્રસંગો દેશકાળને અનુસરતા ઉત્પન્ન થાય ત્યારે શાસ્ત્રો ઉપર શરેષ્ટા ધરાવનાર આપ્ત વચન પ્રમાણ ગુરૂ તરફનો ફેંસલો કે જજમેંટ ન મળતી હોય તો વાદી પ્રતીદીન વકીલ બારીસ્ટરોની દલીલો સાથેના ગુંચવણ-માંથી મારગ મેળવવા માટે સાધારણ બુધ્ધીવાળા તો શું પણ જ્ઞાની પુરૂશો પણ ગોથું ખાઇ જાય માટે જેવી મુશકેલીમાં અરજુન ફસાઇ પડયો તેવી મુશકેલી હ૦ અલી અને માવીયા સામેના જંગમાં ઉભી થવા પામી અને તેવીજ મુશકેલી દરેક વખતે ઉભી થાય છે. તેવા ચોકસ પ્રસંગોએ જમાનાનો ઇમામ દુનીયામાં કાયમ રહે છે ને તે માટે તેવા ઝગડામાંથી મારગ મેળ-વવા માટે પાક કુરાને સરીફનું ફરમાન છે જે—

**વ કુલ્લ શયઈન અહસયનાહો ફી ઈમામી મોબીન.**

અરથ—હરેક ચીજનો હેવાલ જાહેર ઇમામ પાસે છે. વળી

**યવમા નદઉ કુલે ઉનાસીન બે ઈમામે હીમ.**

અરથ—દરેક ટોળાને અમે ( ખુદા ) તેના ઇમામ સાથે તે કયામતના દીવસે બોલાવશું.

૬૦ રસુલ્લાહની હદીસમાં કે પાક કુરાને શરીફની આયતોમાં કોઇપણ એવું ફરમાન થયું નથી જે "તમે ખુશી પડે તેમ કુરાને શરીફમાંથી અરથ કરીને 'હાદી' વગર હીદાયત ચમજી લેજો" પણ ખુલ્લું ફરમાન થયું છે જે "હાદીની બઇયત કરી તેના ફરમાનમાં રહી તે પાસેથી તે ફરમાવે તેમ હીદાયત સમજી તેના ફરમ બરદાર થઇ રહેવું" એ જોતાં આપણા હકીકતી ઇસલામી ફીરકાના ઇસમાઇલી પવીત્ર સીધ્ધાંતો દરેક ધરમ શાસ્ત્રોથી કેટલી સચોટ સાબીતીઓ આપે છે, ને જમાનાના ઇમામ તેમજ તે ઈમામતના સીલસીલામાં પંજેતનનું નુર ઝહુર કમવાર રોશન થતું આવ્યું છે ને તેની પનાહમાં રહેનારા મનસુર, શમ્સ, મઉલાના રૂમી, પીર સદરદીન, નાસર ખુશરો વીગેરેના નામો દુનીયાની સપાટીમાં અમર નોંધાયા છે, માટે ધારમીક કીરીયાઓ અને પાક દીન મઝહબની સેવા યથા શકતી બને તેટલી કરતાં રહેવું.

આપણા હાજર ઈમામ અવલ અલી શે આખર અલી બરહક ઇમામે ઝમાન છે, તેના સાહચામાં આપણે મુકતીના હકદાર છીએ.

નાવ ભલી અલી શાહકી,
જામે ઠાર જામે ઠાર અપાર.
જે કોઈ ચડે ઈસ નાવમે;
સોભી હચરે સોભી હચરે હમારા.
દરશન પાયા અલી શાહકા,
મન રલીયા મન રલીયા કરી જાણો.
( પીર શમ્સ. )

આપણા માતર ભાષાના પવીત્ર જ્ઞાન શાસ્ત્રો જે ખુદાઇ ફરમાનોનો ખજાનો છે, તે માટે મી૦ એદલજી ધનજી કાબા ઇશનાઅશરી થવા પછી ઘણોજ હસદ ધરાવે છે. 'સમજ્યા વગર અરબી મુળાક્ષરો પર મોહ આવે ને ગમે તેટલું વાંચ્યા પછી સમજ ન પડે તે ઠીક ' પણ આવી રીતે વગર મહેનતે સમજાય તે ઠીક નહી માનનારા મી૦ કાબાએ પોતાના કલ્પીત અને મલીન વીચારો સાથે આપણા જ્ઞાન શાસ્ત્રોને તેના પુસ્તકમાં હાસ્યજનક સ્થીતીમાં ગોઠવીને તે ઉપર અઘટીત ટીકા કરી ઇબલીશને છાજતી વીદવતા કીધી છે, તેવી રીતે ખુદાઇ કલામની મશ્કરી કરવામાં જેને આનંદ જણાતો હોય તેનું અંતઃકરણ કેવું હોય ? એ એક સવાલ છે.

ખેર અંતઃકરણ જોવાનું કામ ખુદાનું છે ને મી૦ કાબા જીંદગીની છેવટના ભાગમાં રાહે રાસ્ત પર આવવાના હોય તો તે પણ ખુદાજ જાણે છે. તે વીરોધી હોવા છતાં આ તકે તેનો એટલા માટે ઉપકાર માનીએ છીએ જે જો તે તેવા અઘટીત હુમલા ન કરતે તો આજનો લેખ આટલી હદ સુધી ચરચી શકાતે નહી, માટેજ મી૦ કાબાનો ઉપકાર માનતાં તેને હાલ તો એક ઇશનાઅશરી હીંદી ભાઇ તરીકે ગણીને તેના પ્રત્યે ઇનશાનીયતને છાજતી રીતે દયા દરશાવીને તેનું ધ્યાન ખેંચીએ છીએ જે, આ લેખ તેના ઈસમાઇલી પીતરૂઓની રૂહાનીઓના ખાતર વાંચે વીચારે, મનન કરે.

આ ગ્નાન શાસ્ત્રોમાં પાક કુરાને શરીફ અને હદીસ શરીફનું સાર તત્વ ભરેલું છે. તે ખુદાઈ ફરમાનો ( ગ્નાનો ) ખુદાનું ઘર ( દરખાનું ) બતાવે છે અને જમાનાના સતાધીશ બરહક ઇમામની સેવા કરવાનું સુચવે છે તેવી ખુદાઇ સુચના સમજાવનારા ગ્નાન શાસ્ત્રોના ફરમાનો મુજબ અહેલેબેન ઇમામે ઝમાન તરફ ભકતીભાવ દરશાવી તેમજ ખુમ્સ, ઝકાત વગેરે તે હકદારને દીધાથી તેવા સુપાત્રે દાનના ફલ દીન અને દુનીયામાં મલે છે ને તેના તરફ મોહબત ધરાવવા સીવાયની ઇમાનદારી તો એક શાયર કહે છે તેમ—

**એ હુબ્બે અહેલે બેત ઈબાદત હરામ હય,**
**ઝાહેદ તેરી નમાજકો મેરા સલામ હય.**

મી૦ કાબા (ખુદાઇ ફરમાન) જ્ઞાન શાસ્ત્રો વીરૂધ્ધ કલમ ચલાવતાં અચકાઇને જે તેણે મશ્કરીના રૂપમાં ગીનાનોના પવીત્ર પાઠો લીધા છે. તેમાં ભરેલા શુદ્ધ તત્વ જ્ઞાન રૂપી અમ્રતનું પાન કરવા ખુદા તેને સદ બુધ્ધી આપે મી૦ કાબા એટલું તો તમારા દીલમાં લખી રાખશો જે હાદી વગર હીદાયત કે ગુર વીના જ્ઞાન પોતાની મેળે સમજી લેવાના નથી અને હીદાયત સાથે હાદી (વખતના ઇમામ) હાજર રહે છે. જેમ ડાકટર વીના એકલી દવા જોઇએ તેટલી કીંમતી હોય પણ ડાકટરી સલાહ વીના મરજી પડે તેમ દવા પીવાથી અમૃત હોવા છતાં ઝેરનું કામ કરે છે.

પાક કુરાને શરીફ અને હદીસ શરીફ ઇલ્મે રૂહાનીથી ભરપુર છે પણ જેમ બદનની દવા માટે અઢાર ભાર વનસ્પતી છે, ગમે તેવું ભયંકર દરદ હોય પણ તેની દવા વનસ્પતીમાં છે, પણ વનસ્પતીના જુદા જુદા ઝડ, છોડવા, કે ભઝીપલો કે ફળ ફળાદીના ગરમ, ઠંડા ગુણો તેમજ દરદીનું સાધારણ કે ભયંકર દરદ જાણનાર વઇદ વગર વનસ્પતી શું કામની? દરદીને ડોકટરની હોસ્પીટલમાં મોકલશું, ત્યાં ભરેલા પડેલા બાટલા, બાટલી કે મલમ કે કાપકુટના ઓજારો દરદીને ડાક્ટર વગર શું કામના?

જેમ રકમ રકમની કીમતી દવા તેમજ ડાપફ્રુટના ઓજારો વગેરે અમુલ્ય ગુણકારક હોવા છતાં ડાક્ટરી સલાહ વગર દરદી માટે સરવે નકામું, માટે હીદાયતનુમા હાદી વગર એકલા ઇલમ શાસ્ત્રોથી પુરી સમજણ મલવાની નથી, તેમજ પાક કુરાને શરીફ પણ આપણને હીદાયત મલે તે માટેજ કુદરતથી ઉતરયું છે. તેમજ દુનીયામાં હાદીઉલ મેહેદી પણ કુદરતી હીદાયત સમજાવવા દુનીયામાં કાયમ અને અને દાયમ રહે છે, તેવા બરહક ઇમામે ઝમાનના સાહયામાં રહી, પોતપોતાની ભાશામાં ખુદાઇ ફરમાનો સમજી, પાક પંજતનના ઘરની કે અહેલે બેતની ખીજમત કરી, તેની ગુલામીમાં રહેવું એમાંજ હકીકતી ઇસ્લામી દીનદારોની ખરી મગરૂરી છે, સહુને ઇમામે ઝમાન પોતાની શનાખત બક્ષે. આમીન!

## સમાપ્ત.

Sindhi P.
PRESS.